RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 216 Dt. 19-2-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# મહાકુંભ હવે મૃત્યુકુંભ

## મમતા

ભારતની માટી દરેક ધર્મની છે, હું પણ મહાકુંભનુ કરુ છુ સન્માનઃ દીદી

### પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ આક્ષેપ લગાડતા કહ્યું, વીઆઈપીઓને વિશેષ સુવિધાઓ આપવામાં આવે છે, પરંતુ ગરીબોને વંચિત રખાઈ છે



નવીદિલ્હી, તા. ૧૮

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મહાકુંભ પર ખૂબ જ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. મમતા બેનજીર્નાં નિવેદનનો સંતોએ જોરદાર વિરોધ કર્યો છે. મંગળવારે તેમના એક કાર્યક્રમમાં મમતા બેનર્જીએ કહ્યું કે, 'મહા કુંભ હવે 'મહા કુંભ' નહીં પણ 'મૃત્યુ કુંભ'માં ફેરવાઈ ગયો છે. મમતા બેનજીર્નાં આ નિવેદન સામે વિરોધ શરૂ થયો છે. પોતાના લાંબા સંબોધનમાં મુખ્યમંત્રીએ યુપી સરકાર અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર નિશાન સાધ્યું. આ અંગે ભાજપે જોરદાર વળતો પ્રહાર કર્યો છે. ભાજપે મમતા બેનજીર્નાં નિવેદન પર નારાજગી વ્યક્ત કરીને બદલો લીધો છે. ભાજપે કહ્યું- મમતા માત્ર હિન્દુઓને નિશાન બનાવે છે. શું તે અન્ય ધર્મો વિશે આવું કહી શકે છે?

આ પહેલા પશ્ચિમ બંગાળમાં સરસ્વતી પૂજાને લઈને થયેલા હંગામા બાદ સોમવારે પશ્ચિમ બંગાળ વિધાનસભામાંથી ભાજપના ૪ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ મામલામાં ઘેરાયા બાદ સીએમ મમતા બેનર્જીએ સ્પષ્ટતા આપતા કહ્યું, '૨૦૦૪માં મને ૩૯ ટકા વોટ શેર મળ્યા હતા. તેમ છતાં મને સંસદમાં બોલવા દેવામાં આવ્યો ન હતો. અરે, કોઈપણ વાતચીતનો અર્થ સાંપ્રદાયિક નથી. તમે ધર્મ વેચી રહ્યા છો. આ માટી તમામ ધર્મોની છે. ગૃહમાં વિપક્ષના નેતા સુભેન્દુ અધિકારીનું નામ લીધા વિના મમતા બેનર્જીએ કહ્યું, 'તેઓ કહી રહ્યા છે કે તેમને હિંદુ ધર્મ વિશે વાત કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, તેઓ હિંદુઓના નેતા ક્યારે બન્યા? હું આ ક્યારેય કહેવા માંગતો નથી, પરંતુ આજે હું તે કહી રહ્યો છું. મને લાગે છે કે અટક ન હોય તો સારું હોત. હું પણ બ્રાહ્મણ પરિવારમાંથી આવું છું. પણ મને આ કહેવાની ફરજ પડી.

સીએમ મમતાએ કહ્યું કે મહાકુંભ 'મૃત્યુ કુંભ'માં ફેરવાઈ ગયો છે. તેમણે કહ્યું કે વીઆઈપીઓને વિશેષ સુવિધાઓ આપવામાં આવે છે, પરંતુ ગરીબોને તેનાથી વંચિત રાખવામાં આવે છે. તેઓ સુવિધાઓ માટે તલપાપડ છે. સીએમ મમતા બેનર્જીએ વધુમાં કહ્યું કે આ ભવ્ય કાર્યક્રમ માટે યોગ્ય આયોજન કરવામાં આવ્યું ન હતું. મમતાએ વધુમાં કહ્યું કે હું મહાકુંભનું સન્માન કરું છું, હું પવિત્ર માતા ગંગાનું સન્માન કરું છું. પણ કોઈ પ્લાન નથી... કેટલા લોકો સાજા થયા? શ્રીમંત અને વીઆઈપી લોકો માટે ૧ લાખ રૂપિયા સુધીના કેમ્પ (તંબુ) મેળવવાની જોગવાઈ છે. કુંભમાં ગરીબો માટે કોઈ વ્યવસ્થા નથી. મેળામાં નાસભાગની સ્થિતિ સામાન્ય છે પરંતુ વ્યવસ્થા કરવી જરૂરી છે. તમે શું આયોજન કર્યું છે? ૧૫ ફેબ્રુઆરીની રાત્રે નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર નાસભાગમાં ૧૮ લોકોએ જીવ ગુમાવ્યા હતા. જેમાં બિહારના ૯ લોકો હતા. લાલુ પ્રસાદ યાદવે કુંભમાં ભારે ભીડ વિશે કહ્યું હતું કે 'કુંભ' નકામું છે. તેમણે કહ્યું હતું કે આ ખૂબ જ દુઃખદ ઘટના બની છે. હું તમામ લોકોને શ્રદ્ધાંજલિ આપું છું. આમાં રેલવેની ભૂલ છે. ગેરવહીવટ અને બેદરકારીના કારણે આ ઘટના બની છે. જેથી અનેક લોકોના મોત થયા છે. હું ખૂબ જ દિલગીર છું. રેલવે મંત્રીએ આની જવાબદારી લેવી જોઈએ.

# ITના રાજ્યવ્યાપી દરોડા ૩૫થી વધુ સ્થળ પર સર્ચ

### સિહોર ખાતે તમાકુના વેપારી, જ્વેલર્સ અને ફાઈનાન્સર પર તવાઈઃ વાપી તથા વલસાડમાં બિલ્ડર દીપેશ ભાનુશાળી પર કાર્યવાહી

### સર્ચ ઓપરેશનના પ્રથમ દિવસે જ ૫૫૦ કરોડથી વધુના મળી આવ્યા બેનામી વ્યવહારો : સ્થાનિક ટીમની સાથે દિલ્હીના વિશેષ અધિકારીઓ દરોડામાં જોડાયા

રાજકોટ, તા. ૧૮

છેલ્લા ઘણા સમયથી આવકવેરા વિભાગ હરકતમાં આવ્યું છે અને ઠેર ઠેર દરોડા પાડવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં ખૂબ વ્યાપક પ્રમાણમાં આવકવેરા વિભાગને બેનામી વ્યવહારો પણ મળી આવ્યા હોવાની એક નહીં અનેક ચોંકાવનારી વિગતો સામે આવી છે ત્યારે ગઈકાલે ભાવનગર જિલ્લાની સાતો સાત વાપી અને વલસાડ અને અમદાવાદમાં પણ વિવિધ સ્થળો પર આવકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા એટલો જ નહીં ભાવનગર ઓપરેશનમાં તો દિલ્હીના ટોચના આવકવેરા વિભાગના અધિકારીઓ દરોડામાં જોડાયા હોવાનું માલુમ પડ્યું છે આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ સૌથી મોટી વાત તો એ છે કે અત્યારે જે રીતે પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે ત્યારે એ વાતની બાતમી મળી હતી કે ભાવનગરમાં સુમેરુ ડેવલોપર્સ અને તેમની સાથે જોડાયેલા અન્ય ક્ષેત્રના વ્યાપારીઓ દ્વારા ખૂબ મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો કર્યા છે જેને ધ્યાને લઈ ચોક્કસ બાતમીના આધારે વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા અને પ્રથમ દિવસે જ ખૂબ મોટી રકમ વિભાગને હાથ લાગી હોવાનું પણ માલુમ પડ્યું છે.

ગઈકાલે હાથ ધરાયેલા દરોડામાં માત્ર રિયલ એસ્ટેટ જ નહીં પરંતુ તમાકુ વેપાર કરતા વેપારી, જ્વેલર્સ પર તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો જેમાં વિભાગના અધિકારીઓને ધારી એવી સફળતા તપાસના પ્રથમ દિવસે જ મળી છે. ભાવનગર જિલ્લામાં આઇટીએ મેગા ઓપરેશન હાથ ધર્યું છે. ભાવનગર જિલ્લામાં ૩૦ જગ્યા પર આઇટીનું સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. સુમેરુ ડેવલોપર્સ અને રણછોડભાઈ ધોળકિયાને ત્યાં પણ આવકવેરાએ દરોડા પાડ્યા છે. દિલ્હીની ટીમો દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે આવકવેરા વિભાગના ૨૦૦ અધિકારીઓ સર્ચ ઓપરેશનમાં જોડાયા છે. સિહોરમાં તમાકુના વેપારી પર આવકવેરા વિભાગે તવાઇ બોલાવી છે. તેમજ ઉદ્યોગપતિઓ પણ આઇટીની આંટીમાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. તમાકુના વેપારીઓ, સોનાના વેપારીઓ અને ફાઇનાન્સરો પર પણ તવાઇ બોલાવવામાં આવી છે. દિલ્હીની ટીમો રાજકોટ આવી હતી અને પછી એકસાથે ભાવનગરમાં ત્રાટકી હતી અને સુપર ઓપરેશન હાથ ધર્યું છે. દરોડા દરમિયાન મોટાપાયે કરચોરી ઝડપાઇ તેવી શક્યતા છે.

ગઈકાલે જે દરોડા પાડવામાં આવ્યા તે માત્ર કોઈ એક સ્થાન પૂરતા જ નહીં પરંતુ રાજ્ય વ્યાપી નરોડા હોવાનું માલુમ પડ્યું છે કારણ કે વલસાડમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જ્યાં ૫૪૪ કરોડના બેનામી વ્યવહારો પણ મળી આવ્યા.

વાપી વલસાડ અને સુરતની ૧૬ જેટલી ટીમો આ દરોડામાં જોડાઈ હતી અને વલસાડના જાણીતા બિલ્ડર ગ્રુપ દીપેશ ભાનુશાળી પર દરોડા પાડવામાં આવ્યા. હજુ પણ આ તપાસ આગામી એક થી બે દિવસ ચાલે તો નવાઈ નહીં કેમકે કુલ જે દરોડા પાડવામાં આવ્યા છે તેમાં ખૂબ મોટા પ્રમાણમાં કરચોરી બહાર આવે તેવું હાલ વિભાગના સૂત્રો માની રહ્યા છે.

વલસાડમાં આવકવેરા વિભાગે મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

જેમાં ૫૪૪ કરોડોના બેનામી વ્યવહારો ઝડપાયા છે. વાપી ,વલસાડ અને સુરતની ૧૬ ટિમો સર્ચમાં જોડાઈ હતી. અત્રે જણાવીએ કે, વલસાડના જાણીતા બિલ્ડર દીપેશ ભાનુશાળી રેડનું કેન્દ્ર બિંદુ છે. દીપેશ ભાનુશાળીને ત્યાંથી ૧૦૦ કરોડના દસ્તાવેજો મળ્યા છે.

દીપેશના ભાગીદાર જગદીશ શેઠિયાના ત્યાંથી પણ ૧૦૦ કરોડના બેનામી વ્યહારો મળ્યાની વિગતો છે. બિપિન બિલ્ડરને ત્યાંથી ૫૦ કરોડ અને રાજેશ રાઠોડને ત્યાંથી ૪૦ કરોડના દસ્તાવેજો જપ્ત કરાયા છે. એડવોકેટ વિપુલ કાપડિયાની ઓફિસ માંથી પણ ૨૦૦ કરોડના વ્યહારો મળ્યા છે તો રાકેશ જૈનના ત્યાંથી ૪ કરોડ તેમજ ઘોડાદરાને ત્યાંથી ૨૦ કરોડના વ્યવહારો મળ્યા છે.

# ભારત - કતારનો વ્યાપાર ૨.૪૦ લાખ કરોડને પાર પહોંચશે

### આગામી ૫ વર્ષ માટે લક્ષ્યાંક કરાયો નક્કી : ઉર્જા સુરક્ષા પર વધુ ભાર

નવીદિલ્હી, તા. ૧૮

કતાર અને ભારત આજે તેમના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે ઉન્નત કરવા સંમત થયા હતા અને આ સંબંધમાં બંને દેશો વચ્ચે સમજૂતીની આપ-લે કરવામાં આવી હતી. નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કતારના અમીર શેખ તમીમ બિન હમદ અલ-થાની વચ્ચેની બેઠક બાદ આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. બંને નેતાઓએ નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે વ્યાપક દ્વિપક્ષીય મંત્રણા કરી. મીટિંગનું ધ્યાન વેપાર, રોકાણ, ટેકનોલોજી, ઉર્જા, ખાદ્ય સુરક્ષા, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના સંબંધોને વધારવા પર હતું. બંને પક્ષોએ મુક્ત વેપાર કરારની શક્યતા અંગે ચર્ચા કરી અને પાંચ વર્ષમાં તેમનો વેપાર બમણો કરીને ૨૮ બિલિયન કરવાની યોજના પણ બનાવી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે મીટિંગ દરમિયાન ઉર્જા સુરક્ષા પર પણ ચર્ચા કરવામાં આવી હતી અને તેને કેવી રીતે વ્યાપક રીતે વિસ્તૃત કરી શકાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વાટાઘાટોમાં સહકારનું બીજું મુખ્ય ક્ષેત્ર નાણા હતું, જેમાં બંને પક્ષો બેવડા કરવેરા ટાળવા અને આવક પરના કરના સંદર્ભમાં નાણાકીય ચોરી અટકાવવા સંમત થયા હતા. આ અંગે બંને પક્ષો વચ્ચે સમજૂતીની આપ-લે કરવામાં આવી હતી. વિદેશ મંત્રાલયે કહ્યું કે દ્વિપક્ષીય વાટાઘાટો ઉપરાંત બંને નેતાઓએ પરસ્પર હિતના ક્ષેત્રીય અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી.

ભારત અને કતાર વચ્ચેના ગાઢ અને પરંપરાગત સંબંધોને વધુ મજબૂત કરવા માટે, વડાપ્રધાન ગફયિક્ષમફિખજ્ઞમશ અને કતારના અમીર શેખ ઝફળશળ બિન હમદ અલ-થાનીએ આજે હૈદરાબાદ હાઉસ ખાતે વ્યાપક ચર્ચાઓ કરી. બંને નેતાઓએ ભારત-કતાર સંબંધોને વેપાર, ઉર્જા, રોકાણ, નવીનતા, ટેકનોલોજી, ખાદ્ય સુરક્ષા, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરતી વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત કરવાનો નિર્ણય કર્યો. તેઓએ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ મંતવ્યોનું આદાનપ્રદાન કર્યું, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક્સ પરની પોસ્ટમાં જણાવ્યું હતું.

કતારના અમીર સોમવારે સાંજે તેમની બે દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. પ્રોટોકોલ તોડીને અને આતિથ્યની દુર્લભ ચેષ્ટા દર્શાવતા, વડા પ્રધાન મોદીએ એરપોર્ટ પર અમીરનું સ્વાગત કર્યું, ગરમ હેન્ડશેક અને આલિંગન આપ્યું. વડા પ્રધાન મોદીએ ફેબ્રુઆરી ૨૦૨૪ માં ગલ્ફ દેશની મુલાકાત લીધી હતી તેના લગભગ એક વર્ષ પછી અમીરની ભારત મુલાકાત આવી છે. તેમની સાથે ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે, જેમાં મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને વેપારી નેતાઓનો સમાવેશ થાય છે. વડા પ્રધાન મોદીને મળ્યા પહેલાં, કતારના અમીરને રાષ્ટ્રપતિ ભવનમાં ઔપચારિક ગાર્ડ ઑફ ઓનર આપવામાં આવ્યું હતું જ્યારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મુલાકાતી નેતાનું સ્વાગત કર્યું હતું.

### ગામને છેતરીને પોતાના ગજવા ભરનારા લેભાગુઓના વધુ બે કારનામા ખુલ્યા

# પોણો કરોડના હીરા ખરીદી પિતા-પુત્રએ માર્યુ બૂચ

## વેપારીઓએ વિશ્વાસે પંચ્યાસી લાખથી વધુના રફ હીરા આપ્યા પણ પેમેન્ટના નામે તેમને મળ્યો ઠેંગોઃ થાયલેન્ડના વર્ક પરમીટ વિઝાના નામે તેર લાખની ઠગાઇઃ ગઠીયાથી થઇ ધરપકડ



રાજકોટઃ ઠગાઇની વધી રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક મસમોટી છેતરપીંડી સામે આવી છે. જેમાં પિતા-પુત્રોએ મળી વેપારીઓને લાખોનો ધૂંબો મારી દીધો છે. રફ હીરાની વિશ્વાસે ખરીદી કરી બાદમાં ચુકવવાના થતાં પંચ્યાસી લાખ પચાસ હજાર રૂપિયા ન ચુકવી ચૂનો લગાડી દેવાયો હતો. બીજી તરફ થાઈલેન્ડમાં વર્ક પરમીટ વિઝાના નામે તેર લાખ ઓગણસિત્તેર હજારની ઠગાઇ હતી. આ ગુનામાં પોલીસે એક શખ્સને પકડી પણ લીધો છે.

છેતરપીંડીની પ્રથમ ઘટના પર નજર કરીએ તો સુરતની હીરા કંપની પાસેથી રૂ.૮૫.૫૦ લાખની મત્તાના રફ હીરાની ખરીદી કરી કાપોદ્રા ગાયત્રીનગર સોસાયટી સ્થિત વીર એક્ષ્પોર્ટના પિતા-પુત્રોએ પેમેન્ટ સમસયર નહીં કરી બાદમાં જે ચેક આપ્યો હતો તેનું પણ સ્ટોપ પેમેન્ટ કરાવી આજદિન સુધી પેમેન્ટ નહીં કરતા કાપોદ્રા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે જણાવ્યું હતું કે ઈરા ડાયમંડ પ્રા. લી ના માલિક સંજયભાઈ ભંડેરીના દૂરના સગા પંકજભાઇ મનહરભાઇ ફીણવીયા, તેમના પિતા મનહરભાઇ પ્રાગજીભાઇ ફીણવીયા અને ભાઈ પ્રશાંત (ત્રણેય રહે.મકાન નં.૫, નીલકમલ પાર્ક સોસાયટી, કાપોદ્રા, સુરત ) કાપોદ્રા ગાયત્રીનગર સોસાયટી પ્લોટ નં.એફએફ ૨૮૭ માં વીર એક્ષ્પોર્ટના નામે રફ હીરા ખરીદી તેને પોલીશ કરી વેચતા હતાં.

બે વર્ષ પહેલા તેમણે ઈરા ડાયમંડ પ્રા. લી માંથી રૂ.૮૫.૫૦ લાખના ૫૮૦ કેરેટ રફ હીરા ખરીદ્યા હતા.જોકે, તેનું પેમેન્ટ સમસયર કરવાને બદલે તેઓ વાયદા કરતા હતા. આથી તેમની પાસે ઉઘરાણી કરતા તેમણે રૂ.૮૫.૫૦ લાખના પેમેન્ટનો ચેક આપ્યો હતો.

પરંતુ ઈરા ડાયમંડે તે ચેક જાન્યુઆરી ૨૦૨૪ના રોજ બેંકમાં જમા કર્યો તો સ્ટોપ પેમેન્ટના શેરા સાથે રિટર્ન થયો હતો. ત્યાર બાદ પેમેન્ટ કરવાને બદલે વાયદા કરી આજદિન સુધી ફીણવીયા પિતા-પુત્રોએ પેમેન્ટ નહીં કરતા છેવટે ઈરા ડાયમંડ પ્રા .લી ના વકીલ પ્રદિપભાઇ કિશોરભાઇ પડસાળાએ ગતરોજ કાપોદ્રા પોલીસ મથકમાં પિતા-પુત્રો વિરૂધ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. વધુ તપાસ પીએસઆઈ એન.એ.પટેલ કરી રહ્યા છે.

બીજી ઠગાઇની ઘટના જોઇએ તો થાઈલેન્ડમાં વર્ક પરમીટ અપાવવાના નામે વડોદરાના એક દંપતિ સાથે છેતરપિંડી કરનાર એજન્ટને પોલીસે મુંબઈ એરપોર્ટ ખાતેથી ઝડપી પાડ્યો હતો. ડભોઇના સાઠોદ ગામે રહેતા યોગેશભાઈ બારોટે થાઈલેન્ડ જવા માટે સયાજીગંજના ફિનિક્સ કોમ્પલેક્ષમાં લાઈવ ઈમિગ્રેશન નામની ઓફિસ ધરાવતો શૈલેષ પ્રજાપતિનો સંપર્ક કર્યો હતો. શૈલેષે તેના ભાગીદારો વિવેકકુમાર શાહનો અમદાવાદમાં સંપર્ક કરાવતા યોગેશભાઈ અને તેમના પત્નીએ થાઈલેન્ડ જવા માટે રૂ. ૩.૬૦ લાખ ચૂકવ્યા હતા.

થાઈલેન્ડ ગયા પછી દંપતીને જાણ થઈ હતી કે તેમને વર્ક પરમિટ નહીં પણ ટુરિસ્ટ વિઝા આપવામાં આવ્યા છે. જેથી તેમણે વિવેક ઉર્ફે વીકી ન જાણ કરતાં તેણે યુકે મોકલવા માટે વાત કરી કુલ રૂ.૧૩.૬૯ લાખ પડાવ્યા હતા.

આ કેસમાં સયાજીગંજ પોલીસે આ ગુનામાં દોઢ વર્ષથી ફરાર વિવેક ઉર્ફે વીકી દિલીપકુમાર શાહ (હાલ રહે સૂર્ય કિરણ સોસાયટી, કરમસદ રોડ, આનંદ મૂળ રહે લાડવગો, જરોદ, વાઘોડિયા)ને મુંબઈ એરપોર્ટ પરથી ઝડપી પાડી રિમાન્ડ માટે તજવીજ ધરી હતી. આમ વધુ બે લાખોની ઠગાઇના કિસ્સા સામે આવ્યા હતાં. જેમાં એકમાં આરોપીને પકડી લેવામાં સફળતા મળતાં વિશેષ કાર્યવાહી થઇ રહી છે.

# પોલિટેકનિક કોલેજ ખાતે કારકિર્દી પસંદગી વિષય પર યોજાયો વર્કશોપ

### ૧૮૦ થી વધુ બાળકોએ લીધો લાભ : ભવિષ્યમાં એન્ટરપ્રિન્યોરશિપ તરફ યુવાધનનો ઝૂકાવ વધે તે માટે કાર્યક્રમ યોજાયો




રાજકોટ, તા. ૧૮

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા તથા સરકારી પોલીટેકનીક કોલેજ રાજકોટના આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ સેલના સંયુક્ત ઉપક્રમે ''કારકિર્દીની પસંદગી તરીકે આંત્રપ્રિન્યોરશિપ' વિષય પર વર્કશોપ યોજાયો હતો.

વર્કશોપમાં રામકૃષ્ણ મિશન, રાજકોટના સ્વામી મેધજાનંદ લલિત મહારાજે 'ઉદ્યામિતામાં આધ્યાત્મિકતા વિષય પર વક્તવ્ય આપ્યું હતું અને ''શક્તિદાયી વિચારો'' હેન્ડબુકનું વિતરણ કર્યું હતું. રાજ્ય આંત્રપ્રિન્યોરશીપ લીડ, ઊઉઈઈ, અમદાવાદના હેતલ પાઠક દ્વારા 'કારકિર્દી તરીકે ઉદ્યોગસાહસિકતા'' વિષય પર વર્કશોપ યોજવામાં આવ્યો હતો. વર્કશોપમાં યજમાન સંસ્થા સરકારી પોલીટેકનીક કોલેજ, રાજકોટના પ્રિન્સિપાલ ડો. એ. એસ. પંડયા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. આશરે ૧૮૦ વિદ્યાર્થીઓએ વર્કશોપ દ્વારા મળેલ જ્ઞાન અને અનુભવની પ્રશંસા કરી હતી તેમજ ૨૫ ફેકલ્ટી સભ્યો ''જખઅછઝ'' સાધનનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને વિવિધ કોમર્શિયલ ટેક્નિક વિકસાવવા વિશે પણ માહિતગાર થયા હતા.

આ પ્રસંગે આર.એન્ડ.બીના કાર્યપાલક ઈજનેર એસ.એસ.જાની, ડી.આઈ.સીના જનરલ મેનેજર એમ.કે.લાડાણી, બી.કે. મોદી ફાર્મસી કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. અશ્વિન દુધરેજીયા ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપ માટે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ સેલ (ઈઈઉઈ) ટીમના સંયોજક આર. એમ. રાજ્યગુરુ, કે, એલ. મકવાણા, સુનિલ નકુમ, માયુ ભમ્મર, કિરણ પરમાર, એસ. એસ. પ્રજાપતિ અને પી.એમ.સરડવાએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નીલમ સોમપુરા દ્વારા કરવામાં આવ્યું હતું તેમ આચાર્ય, સરકારી પોલીટેકનીક કોલેજ, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# વોર્ડ ૧૫માં ૬૮ લાખના ખર્ચે વોર્ડ ઓફિસનું લોકાર્પણ

### દિવ્યાંગો માટે ખાસ રેમ્પની સુવિધા : ૫૦ હજારથી વધુ વસ્તીને મળશે લાભ

રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૫માં રૂ.૬૮.૬૧ લાખના ખર્ચે ૮૦ ફૂટ રોડ પર અમુલ સર્કલ પાસે, રાજકોટ ખાતે વોર્ડ ઓફિસના નવનિર્મિત બિલ્ડીંગનું લોકાર્પણ ગઈકાલે મંગળવારના રોજ સવારે ૧૧:૧૫ કલાકે, વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના વરદ હસ્તે કરવામાં આવ્યુ. આ લોકાર્પણ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેલ.

આ લોકાર્પણ કાર્યક્રમમાંવિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, મેયર નયનાબેન પેઢડીયા,સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર,શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ,શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા,વોર્ડ નં.૧૫ના કોર્પોરેટર વશરામભાઇ સાગઠીયા, કોમલબેન ભારાઈ, ભાનુબેન સોરાણી, કોર્પોરેટર ડો.હાર્દિક ગોહિલ, વરજાંગભાઈ હુંબલ, વોર્ડના આગેવાનો તથા વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વોર્ડ ઓફિસના નવનિર્મિત બિલ્ડીંગનો કુલ વિસ્તાર આશરે ૩૮૮.૦૦ ચો.મી., બાંધકામ વિસ્તાર ૩૧૧.૦૦ ચો.મી.(બંને માળ) આ બિલ્ડીંગમાં દિવ્યાંગો માટે ખાસ રેમ્પની સુવિધા રાખવામાં આવેલ છે.

ગ્રાઉન્ડ ફ્લોર પર પાર્કિંગ, વેઈટિંગ એરીયા, વોર્ડ ઓફીસર રૂમ, ટેક્સ રૂમ, એસ.આઈ. રૂમ, જગ્યા રોકાણ શાખા, શોપ લાઈસન્સ શાખા વગેરે માટેના રૂમ, કોમન ટોયલેટ તથા પીવાના પાણીની સુવિધા અને ફર્સ્ટ ફ્લોર પર વેઈટિંગ એરીયા, વોર્ડ એન્જી. રૂમ, ટેકનીકલ સ્ટાફ રૂમ, સ્ટોર રૂમ, સર્વર રૂમ, કોન્ફરન્સ હોલ, કોમન ટોયલેટ તથા પીવાના પાણીની સુવિધા તેમજ સેકન્ડ ફ્લોર પર સીડી રૂમ અને ઓપન ટેરેસ વગેરે સુવિધા આપવામાં આવેલ છે.

આ વોર્ડ ઓફીસ બનાવવાથી વોર્ડ નં.૧૫ ની અંદાજે ૫૦,૦૦૦ થી વધુની વસ્તીને રાજકોટ મહાનગરપાલિકાની સુવિધાનો લાભ મળશે તેમજ વોર્ડ નં.૧૫ના નાગરિકોની સુવિધામાં વધારો થશે.

### હવસખોરીની ઘટનાઓમાં સતત ચિંતાજનક રીતે વધારોઃ વધુ બે બનાવ સામે આવ્યા

# સગીરાને પંદર-સોળ વર્ષના બે સગીરે બ્લેકમેઈલ કરી દૂષ્કર્મ આચર્યુ

### વારંવાર શરીર સંબંધ બાંધી વિડીયો બનાવી સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય પણ કર્યુઃ વિડીયો ફરતો થતાં સગીરાના પિતા સુધી પહોંચતા ભાંડો કુટ્યોઃ પોલીસે બંને સગીરની અટકાયત કરી



### પતિથી અલગ રહેતી પરિણીતાને પરણેલાએ લગ્નની લાલચ આપી ફસાવી આઠ માસ સુધી શોષણ કર્યુ

રાજકોટઃ સગીરા, છાત્રાઓને મિત્રતા, લવના નામે ફસાવી દૂષ્કર્મ આચરવાના, બ્લેકમેઈલીંગ કરવાના અને વિડીયો બનાવી વાયરલ કરવાના કિસ્સાઓમાં ચોંકાવનારો વધારો થયો છે. રાજયભરમાં આ પ્રકારની ઘટનાઓ રોજબરોજ સામે આવતી રહે છે. તાજેતરમાં રાજકોટમાં એક વિદ્યાર્થીની કે જે સગીર વયની હતી તેને સગીર વિદ્યાર્થીએ મિત્રતામાં ફસાવી હતી. પછી બે મિત્રોની મદદથી આ છાત્રાનું કારમાં અપહરણ કરી કારમાં જ બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટના પછી વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક સત્તર વર્ષની સગીરાને પંદર અને સોળ વર્ષના બે સગીરોએ હવસખોરીનો શિકાર બનાવી વારાફરતી દૂષ્કર્મ આચરી તેના વિડીયો બનાવી બ્લેકમેઈલ કરી સૃષ્ટીવિરૂધ્ધનું કૃત્ય પણ આચરી લેતાં અને આ વિડીયો ફરતો ફરતો સગીરાના પિતા સુધી પહોંચતા ભાંડો કુટ્યો હતો. બંને સગીર સામે પોલીસે કાર્યવાહી કરી અટકાયત કરી જુવેનાઈલ હોમમાં મોકલી દીધા છે.

ખળભળાટ મચાવતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવ ભરૂચમાં બન્યો છે. અહિની એક સોસાયટીમાં પંદર અને સોળ વર્ષના બે સગીર મિત્રોએ સત્તર વર્ષની સગીરા પર દુષ્કર્મ આચર્યું છે. એ ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં બનેલી આ ઘટનામાં સગીરા ઘરે એકલી હતી, ત્યારે બંને સગીરોએ તેના ઘરમાં પ્રવેશ કર્યો હતો. પ્રથમ સોળ વર્ષના સગીરે પીડિતા પર દુષ્કર્મ આચર્યું, જ્યારે બીજા સગીરે તેનો વીડિયો બનાવ્યો. ત્યારબાદ પંદર વર્ષના સગીરે પણ પીડિતા સાથે દુષ્કર્મ આચરી તેનો વીડિયો બનાવ્યો હતો. આ બંને મિત્રો પૈકી એકે સગીરા બહાર કોઈ ચીજવસ્તુ લેવા નીકળી ત્યારે નજીકની અવાવરૂ જગ્યાએ લઈ જઈ સૃષ્ટિ વિરૂધ્ધું કૃત્ય આચરી તેનો પણ વિડીયો ઉતારી લીધો હતો.

ચોંકાવનારી વાત એ છે કે બંને સગીરો આવા વિડીયો એકબીજાને મોકલતા હતાં અને બીજા મિત્રોને પણ બતાવતાં હતાં. એ દરમિયાન આ વિડીયો સગીરાના પિતા સુધી પહોંચી જતાં તે ખળભળી ગયા હતાં અને પોલીસ પાસે દોડી ગયા હતાં. આ ઘટનાનો વીડિયો સગીરાના પિતાના પોલીસે આ મામલે ગંભીર કાર્યવાહી કરતા પીડિતાનું મેડિકલ ચેકઅપ કરાવ્યું અને બંને આરોપીઓ વિરુદ્ધ પોક્સો એક્ટ, એટ્રોસિટી એક્ટ અને સાયબર ક્રાઇમની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

બંને સગીરોની ધરપકડ કરી તેમને જુવેનાઇલ હોમમાં મોકલી દીધા હતાં. આગળની તપાસ એસ. સી.એસ.ટી.સેલના ડીવાયએસપી ડૉ. અનિલ સિસારાના નેતૃત્વમાં ચાલી રહી છે. આ ઘટનાએ સમાજમાં ચિંતાનો વિષય ઊભો કર્યો છે, ખાસ કરીને સોશિયલ મીડિયાના આ યુગમા કેવા કેવા કિસ્સા સામે આવતા હોય છે તેનો આ ઘટના પુરાવો આપી રહી છે.

દૂષ્કર્મની બીજી એક ઘટનામાં વલસાડના ઉમરગામમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક પરિણીતા સાથે લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પીડિતા ઉમરગામની એક કંપનીમાં નોકરી કરે છે અને પતિથી અલગ રહે છે. આ કેસની વિગતો અનુસાર, પીડિતા જ્યારે એક અરજી માટે ઉમરગામ પોલીસ સ્ટેશન ગઈ હતી, ત્યારે આરોપી પ્રભાત સાંભુનાથ ઝા નામના પરણિત યુવક સાથે તેની મુલાકાત થઈ. આરોપીએ પીડિતાને મદદ કરવાના બહાને તેની સાથે મોબાઈલ નંબરની આપ-લે કરી અને ધીમે ધીમે બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો.

જે તે વખતે પ્રભાતે પીડિતાને લગ્નનું વચન આપ્યું અને કેટલાક મહિનાના ગાળામાં તેની સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા. જો કે, જયારે આરોપીની પત્નિને આ સંબંધની જાણ થવાની બીક લાગી, ત્યારે તેણે પીડિતા સાથેના સંબંધો તોડી નાખ્યા અને લગ્નની વાત પડતી મુકી હતી. આ સમગ્ર ઘટના બાદ પીડિતાએ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી પ્રભાત સાંભુનાથ ઝાની ધરપકડ કરી લીધી છે અને વધુ તપાસ હાથ ધરી છે. આ કેસમાં લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરવાનો આરોપ લગાવવામાં આવ્યો હોઈ વધુ તપાસ થઇ રહી છે.

### સરકારી હોદ્દા પર બીરાજતા બાબુઓનો અલગ જ હોય માભો, ભાંડો ફુટતાં આબરૂ થાય ગાભો

# લાંચખાઉ જેલ કર્મચારી - તલાટીને ACBએ પરચો દીધો

## અત્યાર સુધી મસમોટો પગાર ખાઈ માથે ઉપરની મલાઈ પણ આરોગતાં બંનેને લાંચ લેતાં રંગેહાથ ઝડપી લેવાતાં હવે ખાશે જેલની હવા

રાજકોટઃ સરકારી કચેરીઓમાં ફરજ બજાવતાં અધિકારીઓ, કર્મચારીઓ મસમોટા સરકારી પગાર મેળવતાં હોય છે. આમ છતાં આ પૈકીના અમુક એવા હોય છે જે પગાર સિવાયની ઉપરની મલાઈ તારવવા માટે મથતાં રહેતાં હોય છે. આવા પૈસાખોર ખાઉધરા અધિકારીઓ, કર્મચારીઓ લગભગ દરેક કચેરીઓ, અર્ધ સરકારી કચેરીઓ અકે સંસ્થાઓમાં બીરાજમાન થતાં હોય છે. તેઓ ઉપરના પૈસાથી પોતાના ગજવા ગરમ ન થાય ત્યાં સુધી લોકોના કામ કરતાં હોતા નથી. જો કે આવા લાંચીયાઓને દબોચી લેવા માટે રાજ્યમા એન્ટી કરપ્શન બ્યુરો કાર્યરત છે. એસીબીએ બે કિસ્સામાં લાંચીયાઓને દબોચ્યા છે. જેમાં એક જેલનો કર્મચારી સામેલ છે. જે કેદીઓની મુલાકાત તેમના સગા સાથે કરાવવાના બહાને લાંચ લેતો હતો. પાંચસોથી લઈ બે હજાર સુધીના તેણે ભાવ નક્કી કર્યા હતાં. બીજી તરફ એક તલાટીએ જમીનની નકલ માટે દસ હજારમાં મોઢુ મારતાં એસીબીએ કાર્યવાહી કરી તેની આબરૂ ગાભો કરી નાખી હતી.લાંચના છટકાની પ્રથમ કાર્યવાહીની વિગતો પર નજર કરીએ તો લાજપોર મધ્યસ્થ જેલ ખાતે કેદીઓની મુલાકાત માટે લાંચ લેવાના કેસમાં એસીબીએ પ્રતિક કૈલશ સસાને લાંચ લેતાં રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો છે. એસીબીને બાતમી મળી હતી કે લાજપોર જેલમાં કેદીઓને તેમની સગ–વાળાઓ સાથે મુલાકાત કરાવવા માટે રૂ.૫૦૦ થી રૂ. ૨,૦૦૦ સુધીની લાંચ લેવામાં આવે છે. આ ઉપરાંત કેટલાક કેદીઓને હાઈ સિક્યોરિટી બેરેકમાં શિફટ ન કરવા માટે રૂ.૧૦,૦૦૦ થી રૂ.૧,૦૦,૦૦૦ સુધીની લાંચની માંગણી થતી હોવાની માહિતી મળી હતી. આ માહિતીની ખાતરી કરવા એસીબીની ટીમે લાંચના છટકાનું આયોજન કર્યું. આ ડિ–કોય ઓપરેશન દરમિયાન લાજપોર જેલના મુલાકાત ખંડમાં આવેલા ટેલીફોન બુથ નં. ૧૯ પર આ–રોપી પ્રતિક કૈલશ સસાને એ ડિકોયના મિત્ર સાથે મુલાકાત કરાવવાના બદલામાં રૂ.૧,૦૦૦ ની લાંચની માંગણી કરી. લાંચની રકમ સ્વીકારતાની સાથે જ એસીબીની ટીમે આરોપીને પંચ સાક્ષી–ઓની હાજરીમાં રંગે હાથ ઝડપી લીધો. આરોપી સામે લાંચનો ગુનો દાખલ કરીને કાયદેસ–રની કાર્યવા–હી શરૂ કરવામાં આવી છે. એસીબી દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે કે આ કૌભાંડમાં અન્ય કોઈ પણ શખ્સ સંડોવણી છે કે કેમ તેની તપાસ શરૂ થઈ છે. બીજા લાંચના છટકાની વ્ગિતો જોઈએ તો નડીયાદના વસો તાલુકાના પલાણા ગા–મના તલાટી કમ મંત્રી નરેન્દ્ર ઘનશ્યામ વાઘેલા જમીનની નકલો આપવા માટે લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયા છે. એક અરજદારે પોતાના અને કૌટુંબિક ભાઈઓના નામની જમીનોની વારસાઈ અને ગેરકાયદેસર બાંધકા–મના ઘરોના નંબરો સહિતની નકલ મેળવવા અરજી કરી હતી. તલાટીએ આ કામ માટે રૂપિયા ૧૦ હજારની લાંચની માંગણી કરી હતી, જેમાંથી પ્રથમ રૂપિયા ૫ હજાર ઓનલાઈન મેળવ્યાં હતા.



બાકીના રૂપિયા ૫ હજાર માટે સત્ત ફેબ્રુઆરીના રોજ નડિયાદના ડભાણ ગામ ખાતે હાઈવે રોડ પરની એક હોટલમાં મળવાનું નક્કી થયું હતું. અરજદારે વધુ પૈસા આપવાની ના પાડી નડિયાદ એસીબીમાં ફરિયાદ કરી હતી. ખેડા જિલ્લા એસીબી પીઆઈ વી.આર. વસાવા અને તેમની ટીમે ડભાણ હાઈવે રોડ પરના ફૂડ કોર્ટ ખાતે છટકું ગોઠવ્યું હતું. તલ–ાટી નરેન્દ્ર વાઘેલાને રૂપિયા ૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યાં હતા. એસીબી પોલીસે લાંચિયા તલાટી વિરુદ્ધ ગુનો નોંધી કાય–દેસર કાર્યવાહી શરૂ કરી છે. આમ વધુ બે સરકારી બાબુઓ લાંચના છટકામાં આવી ગયા હતાં. અત્યાર સુધી પોતાના હોદ્દા પર બીરાજી સરકારી પગાર સાથે ઉપરની મલાઈ તારવતા હતાં. તો સાથે સાથે ગામમાં માભો પણ જમાવતા હતાં. પરંતુ એસીબીએ લાંચમાં દબોચતાં આબરૂ ગાભો થઈ ગઈ હતી અને જેલના સળીયા ગણવાની વેળા આવી ગઈ હતી.

### ગંદા હૈ પર ધંધા હૈઃ લાંબા સમય પછી પોલીસની નજર આ અવળાધંધા પર પડી

# કોઠારીયા સોલવન્ટમાં કાલી-કલ્પેશનું કૂટણખાનુ ઝડપાયુ

## એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમે ડમી ગ્રાહક મોકલી દરોડો પાડ્યોઃ એક ગ્રાહક, ત્રણ કર્મચારી સકંજામાં આવ્યાઃ બે સુત્રધારની શોધખોળઃ સુરત, બંગાળી લલના પાસે લોહીનો વેપલો કરાવતા હતાં

રાજકોટઃ શહેરમાં એક સમયે ભાગનગર રોડ દેહના વિક્રય માટે કુખ્યાત બની ગયો હતો. બાદમાં અહિ ચાલતી પ્રવૃતિ સદંતર બંધ કરાવી દેવામાં આવી હતી. હવે ફરીથી કોઈ કોઈ મહિલા અહિ દેહના સોદા કરવા ઉભી રહે ત્યારે પોલીસ ચેનચાળા કરતી પકડી લેતી હોય છે. એક સમયે શહેરના પોશ વિસ્તારોમાં મકાન ભાડે રાખીને કૂટણખાના ધમધમાવવાનું શરૂ થયું હતું. સ્પા અને મસાજ પાર્લરની આડમાં પણ લોહીના વેપલા થતાં હતાં. લાંબા સમય પછી શહેર પોલીસે એક કૂટણખાનુ પકડી લીધુ છે. શહેરના ગોંડલ રોડ પર કોઠારીયા સોલવન્ટમાં એક મકાનમાં બહારથી યુવતિઓને બોલાવી તેની પાસે દેહના સોદા કરાવી કૂટણખાનુ ચલાવવામાં આવતું હોવાની બાતમી પરથી એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમે દરોડો પાડી એક ગ્રાહક, ત્રણ કર્મચારી સહિત ચારને પકડ્યા હતાં. બે સુત્રધાર હાજર ન હોઈ તેની શોધખોળ થઈ રહી છે.

વિગતો પર નજર કરીએ તો કોઠારીયા સોલવન્ટમાં એક મકાનમાં કૂટણખાનુ ચાલતુ હોવાની બાતમી મળતાં એએચટીયુ શાખાએ ડમી ગ્રાહકને મોકલી દરોડો પાડ્યો હતો. ગ્રાહકે પોલીસે આપેલી સમજ મુજબ જે તે સ્થળે જઈ ત્યાં હાજર શખ્સને પુછતાછ કરતાં એ શખ્સે દેહસુખ માટે યુવતિ હાજર છે તેના એક હજાર રૂપિયા થશે તેવું કહેતાં આ ડમી ગ્રાહકે એક હજાર ચુકવ્યા હતાં અને બાદમાં પોલીસને જાણ કરી દેતાં નજીકમાં જ વોચ રાખીને ઉભેલી પોલીસની ટીમે દરોડો પાડી દીધો હતો. પોલીસે કૂટણખાનામાંથી ૪ શખ્સો



સંજય વિનુભાઈ ડાભી, કિશન હિમતભાઈ મકવાણા, શૈલેષ ભરતભાઈ ગોહેલ અને વિરેન્દ્ર મહિપતભાઈ સિંધવને ઝડપી લીધા હતાં. એક રૂમમાં સુરતની યુવતિ અને બીજા રૂમમાં બંગાળની યુવતિ સાથે બે ગ્રાહકો કઢંતી હાલતમાં મળી આવ્યા હતાં. ઝડપાયેલાઓમાં સંજય, કિશન અને શૈલેષ અહિ નોકરી કરતાં હતાં. જ્યારે વિરેન્દ્ર ગ્રાહક હતો. તે એક હજાર ચુકવીને આવ્યો હતો. પોલીસે ઝડપાયેલાઓની પુછતાછ કરતાં આ કૂટણખાનુ કાલી અને કલ્પેશ નામના શખ્સો ચલાવતાં હતાં. જે હાજર ન હોઈ શોધખોળ થઈ રહી છે. પીઆઈ ભાર્ગવસિંહ એમ. ઝણકાટ, હેડકોન્સ. ધીરેનભાઈ ગઢવી, એએસઆઈ બાદલભાઈ દવે, હરપાલસિંહ ઝાલા, મહમદઆરીફ અંસારી,

**લુબ્રીકેન્ટ જેલ અને કોન્ડોમના પેકેટ મળી આવ્યાઃ સુત્રધારો ઝડપાયા બાદ વધુ વિગતો બહાર આવશે**

કોન્સ. ભુમિકાબેન ઠાકર સહિતે આ કામગીરી કરી હતી. કાલી અને કલ્પેશ ગ્રાહકો પાસેથી એક હજાર રૂપિયા લઈ પાંચસો પોતે રાખતા હતાં અને પાંચસો લલનાને આપતાં હતાં. પોલીસને રૂમમાંથી લુબ્રીકેન્ટ જેલ, કોન્ડોમના પેકેટ સહિતની ચીજવસ્તુ મળી આવી હતી. કોઈ ચીજવસ્તુ કબ્જે કરેલી નથી. કેટલા સમયથી આ અવળાધંધા ચાલતા હતાં? બીજા કોણ કોણ સામેલ છે? આ સહિતની વિગતો બંને સુત્રધાર ઝડપાયા બાદ બહાર આવશે.



દામ્પત્ય જીવનમાં સમજદારી, વફાદારી, સ્નેહ, સમર્પણ ખતમ થઇ જાય તો આવે ચોંકાવનારા પરિણામ

# શંકાસીલ યુવાને મિત્રને પાવડાથી ફટકારી પતાવી દીધો

## પછી લાશ કેનાલમાં ફેંકી દીધીઃ હત્યા કરનારને એવી શંકા હતી કે તેની પત્નિ સાથે તેના જ મિત્રને આડાસંબંધ છેઃ ટ્રેકટરના ભાવ બાબતે વાત કરવા બોલાવી ક્રુર કાવત્રાને અંજામ આપ્યો

રાજકોટઃ પ્રેમપ્રકરણ અને આડાઅવળા સંબંધોને કારણે મારામારી, અપહરણ, હત્યા, હત્યાની કોશિષના બનાવ સતત બનતા રહે છે. આવા કારણોસર હત્યાની વધુ એક ઘટના બની છે. જેમાં પતિએ પોતાની પત્નિ સાથે આડાસંબંધ હોવાની શંકા પરથી પોતાના જ મિત્ર એવા ટ્રેક્ટરના ડીલરની પાવડાના ઘા ફટકારી હત્યા કરી હતી. હજુ ગઇકાલે જ એક ચોંકાવનારી ઘટનામાં એક શખ્સે પડોશમાં રહેતાં ચૌદ વર્ષના ટેણીયાને પોતાની પત્નિ સાથે આડા સંબંધ હોવાની શંકા પરથી આ ટાબરીયાની ગળુ કાપી હત્યા કરી હતી. આ ઘટના તાજી છે ત્યાં શંકાના કિડાને કારણે વધુ એક શખ્સ કાળઝાળ બની ગયો હતો અને હત્યાને અંજામ આપી બેઠો હતો. અન્ય બે ઘટનામાં પત્નિ સાથે માથાકુટ થતાં સ્ત્રીમિત્ર સાથે લિવઇન રિલેશમાં રહેતાં યુવાનને આ મિત્ર સાથે લગ્નમાં જવા મામલે ડખ્ખો થતાં આપઘાત કરી લીધો હતો. ત્રીજા બનાવમાં વતન જવા મામલે માથાકુટ થતાં પત્નિ ઘર છોડી નીકળી જતાં ગૂમ થઇ ગઇ હતી.

પ્રથમ ઘટના જોઇએ તો શંકા માણસને ઉધઇની જેમ કોરી ખાતી હોય છે. શંકાને કારણે માણસ ક્યારેક જાતે જ બરબાદીના રસ્તે હાલી નીકળતો હોય છે. આવો જ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં નડિયાદના પશ્ચિમ વિસ્તારમાં રહેતા બેતાલીસ વર્ષીય ટ્રેક્ટર ડીલરની હત્યા તેમના જ મિત્રએ કરી હોવાનું સામે આવ્યું છે. મિત્રને એવી શંકા હતી કે પોતાની પત્નિ સાથે પોતાના જ આ મિત્રને આડાસંબંધ છે. આ શંકા તેને મિત્રની હત્યા કરવા સુધી દોરી ગઇ હતી. વિગતે વાત કરીએ તો સાંજે સાતેક વાગ્યાની આસપાસ શખ્સ ટ્રેક્ટરની ઇન્ક્વાયરીના બહાને મિત્રને ફોન કર્યો હતો. મિત્ર પોતાની કાર લઇને ઘરેથી નીકળ્યા બાદ પરત ન ફરતા તેમના પત્નિએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસને કઠલાલ-લસુંદ્રા, ઇન્દોર-અમદાવાદ હાઇવે પર નર્મદા મુખ્ય કેનાલની નજીક ખુલ્લી જગ્યામાં યુવકની કાર મળી આવી હતી. તપાસ દરમિયાન મિત્રએ કબૂલ્યું કે તેણે આ શખ્સને કઠલાલ નજીક બોલાવ્યા બાદ માથાના ભાગે પાવડાના ત્રણ-ચાર ફટકા મારી હત્યા કરી હતી અને મૃતદેહને કેનાલના પાણીમાં ફેંકી દીધો હતો. આ ઘટના બાદ તે પાંચ મિનિટ સુધી ત્યાં રોકાયો હતો અને પછી કાર અન્ય જગ્યાએ મૂકી ફરાર થઈ ગયો હતો. મૃતકના પત્નિની ફરિયાદના આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે હત્યાનો ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.



### અન્ય બે ઘટનામાં લગ્નમાં જવા મામલે ઝઘડો થતાં લિવઇનમાં રહેતાં યુવાનનો આપઘાતઃ વતન જવા મામલે માથાકુટ થતાં પત્નિ ઘર છોડી ગઇ

અન્ય એક ચોંકાવનારા કિસ્સામાં લવલફરાને કારણે એક મોત થયું હતું. લિવ ઇન રિલેશનશિપમાં રહેતા યુગલ વચ્ચે લગ્નમાં જવાના મુદ્દે બોલાચાલી થતા યુવકે ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગોત્રી યોગી નગરમાં રહેતો છત્રીસ વર્ષનો કૃણાલ દિલીપભાઇ પઢિયાર ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. તેને પત્નિ સાથે અણબનાવ થતા તેઓ અલગ રહેતા હતા અને છૂટાછેડાની કાર્યવાહી ચાલતી હતી. કૃણાલ એક યુવતી સાથે છેલ્લા દોઢ વર્ષથી લિવ ઇન રિલેશનશિપમાં રહેતો હતો. ગઇકાલે રાતે લગ્નમાં જવાના મુદ્દે કૃણાલ અને યુવતી વચ્ચે બોલાચાલી થઇ હતી. ત્યારબાદ બંને અલગ અલગ રૂમમાં જઇને સૂઇ ગયા હતા. સવારે યુવતી ઉઠી ત્યારે કૃણાલે ફાંસો ખાઇ લીધો હતો. જે અંગે પોલીસને જાણ કરવામાં આવતા ગોત્રી પોલીસે આપઘાતનું કારણ જાણવા માટે તપાસ શરૂ કરી હતી.

ત્રીજા બનાવમાં વાપીના ચલા ખાતે રહેતા યુવક અને તેની પત્ની વચ્ચે વતન જવા માટે બોલાચાલી થતા પરિણીતા ઘરેથી બાળકને લઇ જતી રહી હતી. જેની શોધખોળ બાદ કોઇ પત્તો ન લાગતા પતિએ આ અંગે ટાઉન પોલીસમાં ગુમની ફરિયાદ નોંધાવી છે. વાપીના ચલા મુક્તાનંદ માર્ગ પર જ્ઞાનસુર્ય સોસાયટીમાં રહેતા અને ડાભેલ ચેકપોસ્ટ પાસે સ્માર્ટ બજાર કોમ્પ્લેક્ષમાં પાણીપુરી વેચતા અસીત દાસની પત્ની શબની બીસનાબ દાસ સાથે ચૌદ ફેબ્રુઆરીના રોજ બોલાચાલી થઇ હતી. પત્નિ વતન જવા માંગતી હોય પરંતુ ધંધો બંધ કરી જઇ ન શકાય તેમ પતિએ સમજાવતા તે આવેશમાં આવી ધોરણ-૯માં અભ્યાસ કરતા બાળકને સાથે લઇ ઘરેથી જતી રહી હતી.

ધંધાથી પરત ઘરે આવતા પત્નિ ઘરે દેખાઇ ન હતી. જેથી તેને ફોન કરતા સ્વીચ ઓફ બતાવતો હોય તેના પિયર વેસ્ટ બંગાલમાં કોલ કરતા તેઓ ઉડાઉ જવાબ આપતા હોય ભારે શોધખોળ બાદ આખરે ટાઉન પોલીસ મથકમાં પત્ની અને બાળક ગુમની ફરિયાદ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે. પતિએ આ અંગે પરિણીતાના પિયરમાં પણ તપાસ કરાવતા તેમણે જણાવ્યું કે, આ તમારી મેટર છે અને તમે જ જાણો તેમ કહેતા યુવક અંસમંજસમાં મુકાયો છે. આમ ત્રણ ઘટનાઓમાં પતિ-પત્નિ વચ્ચેના ઝઘડા, ગેરસમજને કારણે કેવી કેવી ઘટના આકાર પામી હતી તે જોઇ શકાય છે.

# ખખડધજ આવાસોની મરામત કરશે મનપા

## વોર્ડ નંબર ૧૩ માં આવેલા ગોકુલ નગર આવાસની હાલત અત્યંત કફોડીઃ પાંચ કરોડ થી વધુના ખર્ચે થશે રીનોવેટ

રાજકોટ, તા. ૧૮

દરેક લોકોને પોતાના ઘરનું ઘર મળી રહે તે માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા આવાસ યોજના બનાવવામાં આવી રહી છે ત્યારે રાજકોટ ખાતે કૃષ્ણનગર મેઇન રોડ ઉપર વોર્ડ નંબર ૧૩ માં ૬૦૦ થી વધુ આવા યુનિટ ઉભા કરવામાં આવ્યા હતા જે અત્યંત હાલ ખખડતા જાલતમાં હોવાથી તે ભયગ્રસ્ત માનવામાં આવી રહ્યું છે આ વાતને લઈને મહાનગરપાલિકાને અનેકવિધ વખત રજૂઆતો અને ફરિયાદો આવી હતી ત્યારે ગઈકાલે આ વાસનારીનોવેશન માટે ૫.૫૧ કરોડનું મેન્ટેનન્સ માટેનું ટેન્ડર પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે.

રાજકોટ શહેરમાં વર્ષો પહેલા બનાવવામાં આવેલ હાઉસીંગ બોર્ડના આવાસો જર્જરીત હાલતમાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે.પરંતુ હાઉસીંગ બોર્ડના આવાસોનું રિપેરીંગ કરવા માટે હાલ કચેરી કાર્યરત ન હોવાથી હાઉસીંગ બોર્ડમાં રહેતા પરિવારોમાં ચીંતા વ્યાપી ગઈ છે. અગાઉ ફક્ત ત્રણ માળના બનાવવામાં આવેલા બીમ કોલમ વગરના આવાસો ખખડધજ હાલતમાં હોય ગમે ત્યારે ધરાશાયી થવાની ભીતી ઉભી રહેતી હોય છે. જેથી મહાનગરપાલિકાએ હવે શહેરની મધ્યમાં આવેલા હાઉસીંગ બોર્ડના આવાસો રિપેર કરવા માટે તૈયારીઓ આરંભી છે.

જે અંતર્ગત વોર્ડ નં. ૧૩માં કૃષ્ણનગર મેઈન રોડ ઉપર વર્ષો પહેલા બનાવવામાં આવેલ બીએસયુપી ૩ હાઉસીંગ સ્કીમ ટીપીએસ નં. ૨૪ ફાઈનલ પ્લોટ નં. ૧૭ એ પાર્ટ અને ૧૭ બી પ્રકારના આવાસો જર્જરીત હાલતમાં હોય તેનું મેન્ટેનન્સ કરવાનો નિર્ણય લઈ રૂા. ૫.૫૧ કરોડનું એસ્ટીમેટ વાળુ ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. અગાઉ આ આવાસ યોજનાનું પીપીપી ધોરણે નવીની કરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરંતુ હવે ચોમાસા પહેલા આ આવાસ યોજનાનું મેન્ટેનન્સ કામ ફરજિયાત કરવું પડે તેમ હોય બાંધકામ વિભાગ દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેથી ચોમાસા પહેલા તમામ આવાસોનું હાઉસીંગ બોર્ડના બાંધકામના નિયમ મુજબ રિપેરીંગ કામ કરવામાં આવશે. તેમજ જાણવા મળેલ છે.અનેક આવાસ યોજનાઓ જર્જરિત હાલતમાં મહાનગરપાલિકા હવે રહી રહીને હાઉસીંગ બોર્ડ દ્વારા તૈયાર થયેલ જર્જરીત આવાસ યોજનાનું રિપેરીંગ કામ કરવા માટેની તૈયારીઓ આરંભી છે. પરંતુ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ અનેક બીમ કોલમ વગરની આવાસ યોજનાઓ આજે પણ જર્જરીત હાલતમાં છે. છતાં ચોમાસા દરમિયાન બાંધકામ વિભાગ દ્વારા ફક્ત સર્વે કરી નોટીસો આપવામાં આવી રહી છે. આજ સુધી આ પ્રકારની આવાસ યોજનાનું રિપેરીંગ કામ થયું નથી. હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકાના બાંધકામ વિભાગ દ્વારા એ વાતની પણ સ્પષ્ટતા અને ચોખવટ કરવામાં આવી છે કે હવે જે આવાસ નું રીનોવેશન કાર્ય હાથ ધરવામાં આવશે અને તે કામ ચોમાસા પહેલા જ પૂર્ણ કરવા માટે જણાવ્યું છે ત્યારે આ પ્રકારના હજુ પણ અનેક આવાસો ખખડધજ હાલતમાં છે જેને ફરી રીનોવેટ કરવા ખૂબ જરૂરી છે.



જે સગીર વિદ્યાર્થીનીનું કારમાં અપહરણ કરી સગીર છાત્રએ બળાત્કાર ગુજાર્યો હતો તે અગાઉ પણ બની હતી હવસખોરીનો શિકાર

# સાવકા બાપની શૈતાનીયતઃ દિકરી પર બળાત્કાર-લોહીલુહાણ

### એક ગુનામાં ભોગ બનનાર બાળાનું કાઉન્સેલીંગ થતાં ખળભળાટ મચાવતી વિગતો ખુલતાં પોલીસ પણ ચોંકી ગઇ



### ગાંધીગ્રામ પોલીસ ઇન્સ. એસ. આર. મેઘાણી અને ટીમે બાળાના સાવકા બાપ, સગી મા અને બાપના મિત્રને સાણસામાં લીધાઃ બાપના મિત્રએ પણ અડપલા કર્યા હતાંઃ માતાએ સમગ્ર ઘટના દબાવી રાખવા દિકરીને ધમકાવી હતી

રાજકોટઃ હવસખોરી, વિકૃતી, શૈતાનીયતની એવી એવી ઘટનાઓ સામે આવી રહી છે જે જાણીને કદાચ શૈતાન પણ શરમાઇ જતાં હશે. શહેરમાં ચાર દિવસ પહેલા વેલેન્ટાઇન ડેના દિવસે જ ચૌદ વર્ષની એક વિદ્યાર્થીનીનું સગીર વિદ્યાર્થી એ કારમાં અપહરણ કરી બળાત્કાર ગુજાર્યો હતો. આ કિસ્સામાં ભોગ બનેલી બાળાના કાઉન્સેલીંગ દરમિયાન ખળભળાટ મચાવતી વિગતો ખુલતાં ખુદ પોલીસ પણ ચોંકી ગઇ હતી. સગીરે હવસખોરીનો શિકાર બનાવી એ પહેલા આ બાળા પર સાવકા બાપે પણ બળાત્કાર ગુજારી લોહીલુહાણ કરી નાંખ્યાનું અને બાપના મિત્રએ પણ ભુંડી માંગણી કર્યાનું અને આ બંનેના કરતુતો જાણતી હોવા છતાં સગી જનેતાએ આ બાળાને પોલીસ સમક્ષ કંઇ જ નહિ બોલવાની ધમકી આપી હોવાનું ખુલતાં આ ત્રણેય સામે ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી દબોચી લઇ કાયદાનું ભાન કરાવ્યું છે. રાજ્યભરમાં હાલના સમયમાં સગીરાઓ, વિદ્યાર્થીનીઓ, યુવતિઓને ફસાવી દૂષ્કર્મ આચરવાના કિસ્સામાં ખુબ વધારો થઇ ગયો છે. અનેક એવા કિસ્સા પણ સામે આવતાં હોય છે જેમાં પોતાના જ હવસખોર બની ગયા હોય છે. રાજકોટમાં આવી જ ચકચારી ઘટના સામે આવી છે જેમાં નવમા ધોરણમાં ભણતી ૧૪ વર્ષની એક છાત્રાને અગિયારમા ધોરણમાં ભણતાં સગીર વયના છાત્રએ સ્નેપચેટ થકી મિત્રતાની જાળમાં ફસાવી બાદમાં વેલેન્ટાઇન ડેના દિવસે બે મિત્રોની મદદથી કાળા કાચવાળી ગાડીમાં આ છાત્રાનું અપહરણ કરી રૈયા રોડ નાયરાના પંપ પાછળના રસ્તે લઇ જઇ મિત્રોને બહાર મોકલી દઇ કારમાં જ બળાત્કાર ગુજાર્યો હતો. ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી સગીરની ધરપકડ કરી હતી. બીજી તરફ ભોગ બનેલી છાત્રાની વિશેષ પુછપરછ થતાં તેણીએ પોતાની સાથે પોતાના જ સાવકા બાપે પણ અગાઉ બળાત્કાર ગુજાર્યો હતો અને બાપના મિત્રએ પણ ગંદી માંગણી કરી હોવાનું અને સગી માતાએ આ બંનેના હલકા કૃત્યની જાણ પોલીસને નહિ કરવા ધાકધમકી આપ્યાનું ખુલ્યુ.હતું.

વિગતો જોઇએ તો શહેરના રૈયા રોડ વિસ્તારમાંથી સગીર વયની છાત્રા-બાળાનું વેલેન્ટાઇન ડેના દિવસે કારમાં અપહરણ કરી કારમાં જ બળાત્કાર ગુજારાયો હતો. જેમા સગીર છાત્રને તેના બે મિત્રોએ પણ મદદ કરી હોઇ ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી હતી. તેણીને તબિબી પરિક્ષણ માટે લઇ જવાઇ ત્યારે તેણીએ પોતાની સાથે પિતાએ પણ બળજબરી આચરી હોવાનું કહ્યુ હતું. દરમિયાન પીઆઇ એસ. આર. મેઘાણીમેડમ, રાઇટર હંસરાજભાઇ અને તેમની ટીમે ભોગ બનેલી સગીરાનું કાઉન્સેલીંગ કરતાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. પોલીસે ભોગ બનનાર બાળા-સગીરાની ફરિયાદ પરથી તેણીના સાવકા પિતા, માતા અને પિતાના મિત્ર સામે બીએનએસની કલમ ૬૪ (૨), એફ, આઇ, ૬૫ (૧), ૨૩૯, ૩૫૧ (૩), ૭૫ (૧), (૨), ૫૪ તથા પોક્સો હેઠળ ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કડક કાર્યવાહી કરી હતી. પોતાના જ સાવકા બાપની શૈતાનીયતનો ભોગ બનેલી બાળાએ પોતાની સાથે જે બન્યું તે જણાવતાં પોલીસ ઇન્સ્પેક્ટર એસ. આર. મેઘાણીમેડમે ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધિકા ભારાઇની રાહબરી હેઠળ જીલ્લા બાળ સુરક્ષા, ફ્રેન્ડ ફોર વુમન એન્ડ ચાઇલ્ડ અને બે સામાજીક કાર્યકરોના મહિલા આગેવાનો, સદસ્યોની હાજરીમાં બાળાનું કાઉન્સેલીંગ કરતાં તેણીએ સમગ્ર આપવીતી વર્ણવતા પોલીસ સહિત સૌ કોઇ ચોંકી ગયા હતાં. બાળાએ કહ્યું હતુ કે તાજેતરમાં ગત છઠ્ઠી તારીખે મારા માતા નાની બહેનને લઇને સગાના ઘરે ગયા હતાં. એ દિવસે હું સાંજે શાળાએથી ઘરે આવતાં સાવકો પિતા બહારથી આવ્યો હતો અને હોલનો તથા બેડરૂમનો દરવાજો બંધ કરી દીધો હતો અને મને નિર્વસ્ત્ર કરી સેટી પર સુવડાવી મારા પર બળાત્કાર ગુજારતાં મને લોહી નીકળવા માંડ્યા હતાં અને હું ગભરાઇ ગઇ હતી.

આ વખતે સાવકા બાપે મને કહેલું કે-લોહી શા માટે નીકળ્યા? તેવું તારી મમ્મી પુછે તો કહેજે કે મને પીરીયડ આવ્યા છે! સાવકા બાપે ધમકી આપી હોઇ જેથી તેણે ગભરાઇને કોઇને વાત કરી નહોતી. બાળાએ વધુમાં જણાવ્યું હતું કે મારા સાવકા પિતાનો મિત્ર અમારી સાથે જ ત્રણેક વર્ષથી રહે છે અને તેણે પણ ગત ડિસેમ્બર મહિનામાં હું ઘરે એકલી હતી ત્યારે તેણે બિભત્સ માંગણી કરી હતી. આ પછી મારા અપહરણની ફરિયાદ દાખલ થઇ ત્યારે માતાને મે મારા પર સાવકા બાપે પણ બળાત્કાર ગુજારી તેના મિત્રએ ખરાબ માંગણી કર્યાની વાત કરતાં સગી માતાએ ધમકી આપી હતી કે, 'તું મને શું આપીશ, આ તારો પિતા મને રોટલો અને આશરો આપે છે, તું મરી જા તો પણ મને ફર્ક પડતો નથી, તેણે તારી સાથે શરીરસંબંધ બાંધ્યા તે અંગે કોઇને જાણ કરીશ તો તને મારી નાખીશ'. પોલીસે સગીરાની ફરિયાદ પરથી તેના સાવકા પિતા, જનેતા અને પિતાના મિત્ર સામે ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કરી હતી. આ બનાવમાં ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, સગીરા પર તા.૧૪ના દુષ્કર્મ થયું અને તે અંગે તે ફરિયાદ કરવા તેના માતા અને સાવકા પિતા સાથે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશને પહોંચી હતી ત્યારે જ પીઆઇ એસ. આર.મેઘાણીએ સગીરાને એકલી બેસાડી વિશ્વાસમાં લઇ પુછપરછ કરતાં તેણીએ પોતાની સાથે સાવકા બાપે બળાત્કાર ગુજાર્યાની અને બાપના મિત્રએ પણ અડપલા કરી બિભત્સ માંગણી કર્યાની વિગતો જણાવી હતી. સગીરાએ એ દિવસે એમપણ કહ્યું હતું કે તેના કુટુંબમાં લગ્ન હોવાથી આ અંગે બે દિવસ બાદ ફરિયાદ કરવા આવશે. ત્યારબાદ ઘરે જતાં તેના માતા અને સાવકા પિતાએ સગીરાને ધમકાવી હતી અને મીડિયા સમક્ષ રજૂ થઇ ખોટી સ્ટોરી વહેતી કરાવડાવી હતી. ડીસીપી બાંગરવાએ વધુમાં જણાવ્યું હતું કે, સગીરાએ તેના સાવકા પિતા અને માતા સહિત ત્રણ સામે જે આક્ષેપ કર્યા તેની વીડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી. માતા અને સાવકા પિતાના અત્યાચારનો ભોગ બનેલી સગીરાને નારી સુરક્ષા ગૃહમાં મોકલવા તજવીજ કરવામાં આવી છે. ઝડપાયેલા ત્રણેયની વિશેષ પુછતાછ કરવામાં આવી હતી. આ ઘટનાએ શહેરભરમાં ચકચાર જગાવી દીધી છે. હવસખોરી આચરનારા સાવકા બાપ પર સૌ ફીટકાર વરસાવી રહ્યા છે. આ ઘટનામાં વધુ એક વખત પોતાના જ પારકા બની કઇ હદ સુધી જતાં હોય છે તે સામે આવ્યું છે.

### જિંદગીની સફરનો અંત ક્યારે કેવી રીતે આવી જાય તે કહી ન શકાયઃ વધુ બે લોકોના જીવ ગયા

# વાહન અકસ્માતની ઘાતઃ બે પરિવારના મોભીને આવ્યા 'પરલોક'ના તેડા

### પડધરી પાસે હિટ એન્ડ રનમાં નવાગામ ઘેડના ભીખુભાઇ ફટાણીયા અને વંથલી પાસે મોટરસાઇકલ સ્લીપ થતાં લુછાળાના મેરામભાઇ ડાંગરના રાજકોટ ખાતે મોતઃ પરિવારોમાં ગમગીની

રાજકોટઃ જીવલેણ વાહન અકસ્માતના બનાવોમાં વધુ બે લોકોએ જિંદગી ગુમાવી છે. રાજયભરમાં રોજબરોજ વાહન અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે. જેમાં લોકો ગંભીર રીતે ઘાયલ થાય છે અને ઘણીવાર જિંદગી પણ ખતમ થઈ જાય છે. હિટ એન્ડ રનની ઘટનામાં અજાણ્યા વાહનનો ચાલક મોટરસાઇકલને ઉલાળીને ભાગી જતાં બે કુટુંબી ભાઇ રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજા પહોંચી હતી. જેમાં એક ભાઈનું મોત થયું હતું. બીજા બનાવમાં મોટરસાઇકલ સ્લીપ થઇ જવાને કારણે ચાલક પ્રૌઢને ગંભીર ઈજા થતાં તેમની જિંદગીની સફરનો અંત આવી ગયો હતો. બંને હતભાગીએ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતાં.



વિગતો પર નજર કરીએ તો પડધરી નજીક પડધરી નજીક બનેલી હિટ એન્ડ રનની ઘટનામાં જામનગર નવાગામ ઘેડના બે કુટુંબી ભાઇ બાઇક સહિત ફંગોળાઇ જતાં બંનેને ઇજા થઇ હતી. જેમાં એક ભાઇનું મૃત્યુ થયું છે. બંને ભાઈઓ રાજકોટ લગ્નપ્રસંગમાં હાજરી આપવા આવી રહ્યા હતાં ત્યારે આ બનાવ બનતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વધુ માહિતી જોઈએ તો જામનગરના નવાગામ ઘેડ ખાતે રહેતાં પચાસ વર્ષના ભીખુભાઇ ઉકાભાઇ ફટાણીયા અને તેમના મોટા બાપુના દિકરા એકાવન વર્ષના ભીખુભાઇ બોઘાભાઇ ફટાણીયા રાજકોટ મોરબી રોડ પર સગાને ત્યાં પ્રસંગમાં હાજરી આપવા બાઇક પર બેસીને નવાગામથી રાજકોટ આવવા નીકળ્યા હતાં. બંને ભાઈઓ પડધરી નજીક ભારત હોટલ પાસે પેટ્રોલ પંપ નજીક પહોંચ્યા ત્યારે તેમના બાઇકને કોઇ વાહનનો ચાલક ઉલાળીને ભાગી જતાં બંને ભાઇઓ રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજાઓ થઇ હતી. તેમને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવારને અંતે ભીખુભાઇ ઉકાભાઇ ફટાણીયાએ દમ તોડી દીધો હતો.

મોભીના મૃત્યુથી ફટાણીયા-પ્રજાપતિ પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. તેઓ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. પોતે ફર્નિચર કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. જ્યારે બચી ગયેલા તેમના કુટુંબી ભાઇ ભીખુભાઇ બોઘાભાઇ ફટાણીયા નિવૃત જીવન જીવે છે અને તેમને બે પુત્ર છે. મૃતદહેને પોસ્ટમોર્ટમ બાદ રાજકોટથી નવાગામ ઘેડ ખાતે લઇ જવાયો હતો.

જીવલેણ અકસ્માતના બીજા બનાવમાં વંથલીના કણજાધાર ફાટક અને ખોખડા ફાટક વચ્ચેના રોડ પર બાઇક અકસ્માતમાં ઇજા થતાં વંથલીના લુછાળા ગામના પ્રૌઢનું ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. લુછાળા ગામે રહેતાં પચાસ વર્ષના મેરામભાઇ રામાભાઇ ડાંગર ત્રણ દિવસ પહેલા રાતે નવેક વાગ્યે બાઇક હંકારીને જતાં હતાં ત્યારે ખોખડા-કણઝાધાર ફાટક વચ્ચેના રોડ પર તેમનું બાઇક સ્લીપ થઇ જતાં ઇજાઓ થતાં વંથલી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ ગત રાતે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

આ બંને બનાવમાં રાજકોટ પીડીયુ સિવિલ હોસ્પિટલ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, ભાવેશભાઇ મકવાણા, તૌફિકભાઇ જુણાચ, ધર્મેન્દ્રભાઇ હુદડ સહિતે પડધરી અને વંથલી પોલીસને જાણ કરી હતી. મેરામભાઇ ટ્રક હંકારી ગુજરાન ચલાવતાં હતાં. તેઓ બે બહેન અને ત્રણ ભાઇમાં વચેટ હતાં.

# વ્યાજખોરીમાં ફસાઇ જતાં ચોટીલાના વેપારીએ રાજકોટમાં કર્યો આપઘાતનો પ્રયાસ

### પેલેસ રોડ આશાપુરા માતાના મંદિર પાસે પી લીધું ફિનાઇલ

રાજકોટઃ વ્યાજખોરી અને આર્થિક ભીંસને કારણે આપઘાત કે આપઘાતની કોશિષના બનાવો અવાર-નવાર બને છે. જેમાં વધુ એક બનાવ ઉમેરાયો છે. ચોટીલામાં રહેતાં સોની વેપારીએ રાજકોટમાં પેલેસ રોડ પર ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે ખસેડાયા હતાં. તેઓ આર્થિક ભીંસ અને વ્યાજખોરીમાં ફસાઇ જવાને કારણે આ પગલુ ભરી લીધાનું જણાવાયું હતું.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો ચોટીલામાં થાન રોડ પર આશાપુરા બંગલોઝમાં રહેતાં અને સોની કામ કરી ગુજરાન ચલાવતાં પિસ્તાલીસ વર્ષના જતીનભાઇ રસિકભાઇ સોનીએ રાજકોટ પેલેસ રોડ પર આશાપુરા માતાજીના મંદિર નજીક ફિનાઇલ પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં એ-ડિવીઝન પોલીસને જાણ કરવામાં આવી હતી. જતીનભાઇ સોની કામ કરી ગુજરાન ચલાવે છે અને સંતાનમાં એક પુત્ર તથા બે પુત્રી છે. હાલ તેઓ આર્થિક ખેંચમાં આવી ગયા હોવાથી અને વ્યાજ માટે બે ત્રણ જણા હેરાન પરેશાન કરતાં હોવાથી પગલુ ભર્યાની શક્યતા જણાવાઇ હોઇ ચોટીલા પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# બળજબરીથી રૂપિયા કઢાવવા, ધમકી આપવાના ગુનામાં ભોમેશ્વરનો વિક્રમ પકડાયો

### સુરતમાં ગુનો આચરી ચાર મહિનાથી ભાગતો ફરતો હતોઃ પેરોલ ફરલો સ્ક્વોડની ટીમે માહિતી પરથી દબોચી લીધો

રાજકોટઃ અમુક ગુનેગારો એવા હોય છે જે ગુનો આચરી જે તે ગામ શહેરમાંથી ફરાર થઇ જાય છે. આવા શખ્સોને એમ હોય છે કે હવે પોલીસ તેને પકડી શકશે નહિ. પરંતુ વીસ વીસ વર્ષ પછી પણ પોલીસ જુના ગુનાઓમાં ફરાર આરોપીઓને શોધીને જેલભેગા કરી રહી છે. આ ઝુંબેશ અંતર્ગત શહેર પોલીસની પેરોલ ફરલો સ્ક્વોડે સુરતના ઉતરાણ પોલીસ સ્ટેશનમાં બળજબરીથી રૂપિયા કઢાવવાના અને મારી નાખવાની ધમકીના ગુનામાં ચાર માસથી ફરાર શખ્સ રાજકોટ રહેતો હોવાની બાતમી મળતાં તેને પકડી લઇ સુરત પોલીસને સોંપ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો સુરતના ઉતરાણ પોલીસ સ્ટેશનમાં ગયા વર્ષેવિક્રમ હરિભાઇ શીયાળીયા નામના શખ્સ વિરૂધ્ધ બળજરીથી રૂપિયા કઢાવવાનો અને મારી નાખવાની ધમકીનો ગુનો દાખલ થયો હતો. આ ગુનામાં તે ચાર માસથી ફરાર હતો. બત્રીસ વર્ષનો આ શખ્સ ચાર માસથી ફરાહ હોઇ અને હાલ રાજકોટ ભોમેશ્વર પ્લોટ-૬ મોમાઇ કૃપા ખાતે રહેતો હોવાની માહિતી મળતાં તેને પકડી લેવાયો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચનાથી પોલીસ ઇન્સ્પેક્ટર ભાર્ગવસિંહ એમ. ઝણકાટ, પીએસઆઇ જે. જી. તેરૈયા, એએસઆઇ અમૃતભાઇ મકવાણા, ઝહીરખાન ખફીફ, હેડકોન્સ. ધર્મેન્દ્રસિંહ ઝાલા, રાજદિપસિંહ ચૌહાણ, શામતભાઇ ગઢવી, સિરાજભાઇ ચાનીયા, રોહિતભાઇ કછોટ, કોન્સ. કુલદિપસિંહ જાડેજા, યોગેન્દ્રસિંહ ઝાલા, શાંતુબેન મુળીયા અને ડ્રા.કોન્સ. દોલતસિંહ રાઠોડે આ કામગીરી કરી હતી. પેરોલ ફરલો સ્ક્વોડ સતત આ રીતે ભાગેડુ ફરાર ગુનેગારોને શોધી કાઢવાની કાર્યવારી કરી રહી છે.

### રાજકોટ જિલ્લામાં નગર પાલિકાની ચૂંટણીમા

# ભાજપનાં ભવ્ય વિજયના કિંગ મેકર બનતા અલ્પેશ ઢોલરિયા

### જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાની જહેમતને બિરદાવતા જીલ્લા ભાજપ પ્રભારી ધવલભાઈ દવે : ધોરાજી નગરપાલીકાની ચૂંટણીમા વિજયના માસ્ટર માઈન્ડ પ્રફુલભાઇ ટોળીયા



ધવલભાઈ દવે



અલ્પેશભાઈ ઢોલરીયા



પ્રફુલભાઈ ટોળીયા

રાજકોટ મિરર, ગોંડલ તા.૧૮

રાજકોટ જીલ્લાની પાંચ નગરપાલિકાની કુલ ૧૬૮ બેઠકમાંથી ૧૨૦ બેઠક પર ભાજપનો ભગવો લહેરાયો છે. ભાજપની ભવ્ય જીત બાબતે રાજકોટ જીલ્લા ભાજપના પ્રભારી ધવલભાઈ દવેએ જણાવ્યું હતુ કે, રાજકોટ જીલ્લામાં વ્યક્તિવાદ, જાતિવાદને ધ્યાને લેવાને બદલે રાષ્ટ્રવાદનો વિજય થયો છે. સમગ્ર જીલ્લામાં ભાજપનો ભગવો લહેરાયો છે. ભાયાવદર અને ધોરાજીમાં કોંગ્રેસે ફરી સરકાર બનાવીશું તેવું વિચાર્યું હતું પણ ત્યાની પ્રજાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીની વિકાસની રાજનીતિ સ્વીકારીને ભાજપને સમર્થન આપ્યું છે. તેઓએ એવું પણ જણાવ્યું હતું કે, ભાજપના ધારાસભ્યો, સાંસદો ઉપરાંત પ્રત્યેક કાર્યકર સહીત જીલ્લામાં ભાજપના યશસ્વી સંગઠન માટે રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાના નેતૃત્વમાં જે કામગીરી કરી અને સૌએ ઝનુન સાથે કામ કરતા તમામ નપામાં ભાજપની વિચારધારાની જીત થઇ છે. રાજકોટ ભાજપ સંગઠનની જીત છે, પ્રભારી તરીકે તમામને શુભકામના અભિનંદન આપીએ તેટલા ઓછા પડે તેમ છે. ધવલભાઈ દવે એ એમ પણ કહ્યું કે, જુઠા, ખોટા વાયદાઓ આપતી સરકાર અને ઉમેદવારોને પ્રજાએ જાકારો આપ્યો છે અને શ્રેષ્ઠ ભાજપને સમર્થન આપી, નગર પાલિકામાં પણ ભાજપનું શાસન સ્થાપતા સૌનો આભાર માનું છું.

રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાની આગેવાની લડાઈ રહેલ સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજય પાછળના કિંગ મેકર તરીકે તેઓ ઉભરી આવ્યા છે. ગેમ ચેન્જર તરીકે તેઓએ હંમેશા કામગીરી કરીને ભાજપને ભવ્ય વિજય અપાવ્યો છે. રાજકોટ જિલ્લાની પાંચ નગરપાલિકા અને તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજયનો શ્રેય અલ્પેશભાઇ ઢોલરીયાને ફાળે જાય છે. માઇક્રો પ્લાનિંગ અને સરકારની યોજનાઓ વિશેની માહિતી દરેક ઘર સુધી પહોંચે તેવા પ્રયાસો કરીને, સતત સભાઓ, ગ્રુપ મિટીંગો યોજી રાજકોટ જિલ્લામાં સૌથી અઘરી ગણાતી ધોરાજી અને ભાયાવદર નગરપાલિકામાં ભવ્ય વિજય અપાવ્યો.

ધોરાજી નગરપાલિકામાં ભાજપના ભવ્ય વિજયના માસ્ટર માઇન્ડ તરીકે પ્રફુલ્લભાઇ ટોળીયા રહ્યા હતાં. ધોરાજી નગરપાલિકા કે જ્યાં કોંગ્રેસ નુ શાસન હતુ. લઘુમતી ની સૌથી વધુ વસ્તી ધરાવતા ધોરાજીમાં ભાજપ નો ભગવો લહેરાવવો ખૂબ જ કઠિન હતુ ત્યારે રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઇ ઢોલરીયા ના નજીકના ગણાતા અને રાજકીય ચાણક્ય ગણાતા પ્રફુલભાઈ ટોળીયા ને ધોરાજીના પ્રભારી તરીકે નિયુક્ત કરાયા. પ્રફુલભાઈ ટોળિયા એ પોતાના દોઢ વર્ષના કાર્યકાળ દરમિયાન ધોરાજીમાં સતત મહેનત કરીને નાનામા નાના કાર્યકર સુધી પહોંચી તેમના પ્રશ્નો સાંભળ્યા, જૂથવાદ નુ ઘર ગણાતું ધોરાજીમાં નાના મોટા આગેવાનોને મળીને તેઓને એક કર્યા, સામાજિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ સમાજના શ્રેષ્ઠીઓને પાર્ટી સાથે જોડી ધોરાજીમાં એક અલગ જ વાતાવરણ ઊભું કરવામાં સફળ રહ્યા. રાત દીવસ ની મહેનત, સતત સભાઓ, ગ્રુપ મિટીંગો યોજી ધોરાજીમાં ભાજપને ભવ્ય વિજય અપાવવામાં સફળ રહ્યા. આ બાબતે પ્રફુલભાઈ ટોળીયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે આ જીત કાર્યકરોની જીત છે. અમે ચૂંટણી દરમિયાન જે પણ વાતો વચનો આપ્યા તે પુર્ણ કરવાની અમારી જવાબદારી વધી છે. ધોરાજી નો પ્રાથમિક અને મહત્વ નો પ્રશ્ન પાણી નો છે જે અમે શક્ય તેટલી વહેલી તકે પુર્ણ કરવાના પ્રયાસો કરશુ.

અત્રે ઉલ્લેખનીય છે કે ધોરાજી અને ઉપલેટા શહેરની નગરપાલિકાની ચૂંટણી માટે જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા શરૂઆતથી જ કમાન સંભાળીને આ બન્ને શહેરોમાં પક્ષ તેમજ ચૂંટણીના પ્રચાર માટે અનન્ય માઈક્રો પ્લાનીંગ કરીને મતદારો સુધી ભાજપ સરકારની યશોગાથા પહોંચાડવા ભારે જહેમત ઉઠાવી હતી.

# TRP અગ્નિકાંડઃ ATP મુકેશ મકવાણાનો જામીન પર છુટકારો

### બે આરોપીમાંથી એક જામીન મુક્ત : ફેબ્રિકેશનના કોન્ટ્રાક્ટરની જામીન અરજીની સુનાવણી હવે પછી કરશે કોર્ટ



રાજકોટ, તા.૧૮

રાજ્યભરમાં ચકચાર જગાવનાર બાળકો સહિત ૨૭ વ્યક્તિઓનો ભોગ લેનાર રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ કેસ સેશન્સ કમિટ થયા બાદ સેશન્સ કોર્ટ દ્વારા એક પણ આરોપીના જામીન મંજુર કરવામાં આવ્યા નથી ત્યારે

શહેરના બહુચર્ચિત ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં બે આરોપીઓને અગાઉ મુકેલી જામીન અરજીમાંથી એક આરોપી મુકેશ મકવાણાની જામીન અરજી કોર્ટે મંજુર કરતા તેમનો જમીન પર છુટકારો થયો હતો જ્યારે ફેબ્રિકેશન કોન્ટ્રકટર મહેશ રાઠોડના જામીનની સુનાવણી પેન્ડીંગ રહી હોય ગમે તે સમયે આગળની સુનાવણી હાથ ધરાશે તેવું આધારભૂત સુત્રોમાંથી જણાવ્યા મળ્યું હતું.

વધુ બે આરોપી આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર અને ફેબ્રિકેશનના કોન્ટ્રાક્ટરે જેલ મુક્ત થવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા અગ્નિકાંડ કેસમાં સેશન્સ કોર્ટ દ્વારા પહેલી વખત આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર મુકેશ મકવાણાની જામીન અરજી મંજુર કરવામાં આવી છે. જ્યારે ફેબ્રિકેશનના કોન્ટ્રાક્ટર મહેશ રાઠોડની જામીન અરજી પર હવે કોઈ પણ ઘડીએ સુનાવણી હાથ ધરવામાં આવશે.

કેસની વિગતો મુજબ શહેરના નાના મવા રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમઝોનમાં ગત તા.૨૫ મે ૨૦૨૪ની સાંજે આગ લાગતા ૨૭ લોકોના મોત થયા હતા અને ત્રણેક લોકોને ઇજા થઇ હતી.

આ ગમખ્વાર ઘટનામાં પોલીસે ફરિયાદી બની જવાબદાર મહાનગર પાલિકાના અધિકારીઓ અને ટીઆરપી ગેમઝોનના સંચાલકો ધવલ ભરત ઠકકર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર), રેસવે એન્ટરપ્રાઇઝના ભાગીદારો અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, પ્રકાશચંદ કનૈયાલાલ, યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, રાહુલ લલીતભાઇ રાઠોડ, ગેમઝોન મેનેજર નીતિન મહાવીરપ્રસાદ લોઢાજૈન, રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખભાઇ ધનજીભાઈ સાગઠીયા, આસિસ્ટન્ટ ટીપીઓ ગૌતમ દેવશંકરભાઇ જોષી, આસિસ્ટન્ટ ટીપીઓ મુકેશભાઈ રામજીભાઇ મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર રોહીતભાઇ આસમલભાઇ વિગોરા, ટીપી શાખાના એન્જીનીયર અને એટીપીઓ જયદીપ બાલુભાઈ ચૌધરી, રાજેશભાઇ નરશીભાઇ મકવાણા, ચીફ ફાયર ઓફિસર ઇલેશ વાલાભાઈ ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર ભીખા જીવાભાઈ ઠેબા અને ગેમઝોન ખાતે ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ રાખનાર મહેશ અમૃત રાઠોડ સામે ગુનો નોંધાયો હતો. જેમાં અગ્નિકાંડના બનાવમાં પ્રકાશચંદ કનૈયાલાલ હીરનનું મોત થયું હતું. જ્યારે બાકીના ૧૫ આરોપીની ધરપકડ કરી રિમાન્ડ બાદ જેલ હવાલે કર્યા હતા.

આ કેસમાં ચાર્જશીટ બાદ આસિસ્ટન્ટ ટીપીઓ મુકેશભાઇ રામજીભાઇ મકવાણા અને ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટર મહેશ અમૃત રાઠોડે જેલ મુક્ત થવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જેમાં ટીપીઓ મુકેશભાઇ મકવાણાએ કરેલી જામીન અરજી ચાલતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી એટીપી મુકેશભાઇ મકવાણાને જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે. જ્યારે ફેબ્રિકેશનના કોન્ટ્રાકટર મહેશ રાઠોડની જામીન અરજી પર હવે કોઈ પણ ઘડીએ સુનાવણી હાથ ધરવામાં આવશે. આ કેસમાં સરકાર પક્ષે સ્પે. પી.પી. તુષાર ગોકાણી, એડિશનલ પી.પી. નીતેષ કથીરીયા તેમજ હતભાગી પરિવારો વતી રાજકોટ બાર એસો.ના ઉપ પ્રમુખ સુરેશ ફળદુ સહિતના હોદ્દેદારો અને ડિસ્ટ્રીકટ બાર એસો.ના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા રોકાયા છે.

## શુભ લગ્ન

### રાજકોટના ચિ.સત્યજીતસિંહજી જાડેજાના કાલે ચિ.જયનંદીનીબા સાથે શુભ લગ્ન

**રાજકોટ મિરર :** મૂળ ભરૂડી હાલ રાજકોટ નિવાસી મહિપતસિંહજી લખુભા જાડેજાના કુંવર ચિ. સત્યજીતસિંહજીના શુભ લગ્ન મૂળ રંગપર બેલા, હાલ ભચાઉ નિવાસી દરબાર સાહેબશ્રી અશોકસિંહજી નરભેયસિંહજી ઝાલાના કુંવરીબા ચિ. જયનંદીનીબા સાથે તા. ૨૦.૦૨.૨૦૨૫ને ગુરુવારે નિરધાર્યા છે. આ તકે આયોજિત માંગલિક પ્રસંગોમાં તા. ૧૮ના રોજ સવારે ૬ વાગ્યે વેલ પ્રસ્થાન, તા.૧૯ ને બુધવારે સવારે ૯ કલાકે મંડપ મુહુર્ત, સાંજે ૯ કલાકે સુફી સંગીત સંધ્યા તેમજ સાંજે ૭ વાગ્યે ભોજન સમારંભનું આયોજન છે. ૧૫૦ ફૂટ રીંગ રોડ, ઘંટેશ્વર એસ.આર.પી. કેમ્પ સામે, રોયલ રિસોર્ટ ખાતે યોજાનાર શુભલગ્નમાં આમંત્રિત મહેમાનોએ સમય ઉપસ્થિત રહી નવ દંપતીને આશીર્વાદ આપવા જાડેજા પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

## અવસાન નોંધ

**ગોંડલ :** રસીલાબેન ગેલાભાઇ સોલંકી તે વિશાલભાઈ , મનિષાબેનનાં માતા,ઉત્સવભાઈના ભાભુ, દેવર્શ તથા ધનન્જય નાં નાનીમા નું તા.૧૭ સોમવારનાં અવસાન થયુ છે.બેસણું તા.૧૯ને બુધવારે, સાંજે ૪ થી ૬, મેઘવાડ સમાજની વાડી, ચબુતરા પાસે, ભગવતપરા ગોંડલ ખાતે રાખેલ છે.

**ગોંડલ :** સ્વ. તનસુખલાલ ભાઈલાલભાઈ કોઠારીના પુત્ર રશ્મિકાંત (ઉંમર ૬૫) તે સોનલબેનના પતિ, મનનના પિતા, સ્વ. ધર્મેશભાઈ, સ્વ. રાજેશભાઈ, સ્મિતાબેન, અવનીબેન અને રીનાબેનના મોટાભાઈનું તા. ૧૮ના રોજ અવસાન થયુ છે. ઉઠમણું તા. ૨૦ને ગુરુવારે, સવારે ૧૦:૦૦ વાગ્યે દાદા ડુંગર ઉપાશ્રય, નાની બજાર ખાતે રાખવામાં આવ્યું છે. બહારગામના સંબંધીઓ માટે સદગતનું ટેલિફોનીક ઉઠમણું સવારે ૧૧:30 વાગ્યે રાખવામાં આવ્યું છે.

શાંત શહેર ગણાતાં રાજકોટમાં નાની નાની વાતે અશાંતિ સર્જતી ઘટનાઓની હારમાળાઃ મારામારીની ત્રણ ઘટના

# દિકરાએ વૃધ્ધ જનેતાનો હાથ મરડ્યો, પડોશીએ પડોશીને પાનાથી ફટકાર્યો

## ત્રીજી ઘટનામાં ગાળો બોલવાની ના પાડતાં યુવાનને બે ભાઇઓએ સળીયાથી લોહીલુહાણ કરી માથે જતાં ઢસડીને માર માર્યો

રાજકોટઃ શાંત શહેર રાજકોટમાં ક્યારે કોણ કયા કારણોસર બાખડી પડે અને કોણ કોના પર તૂટી પડે તે કહી શકાતું નથી. મારામારીની વધુ ત્રણ ઘટનાઓ સામે આવી છે. જેમાં એક વૃધ્ધાને દિકરાએ જ ફટકારી હાથ મરડી નાંખી આંગળીનું હાડકુ ખેસવી નાંખ્યું હતુ. બીજા બનાવમાં સફાઇ કામદાર પર પડોશી મા-દિકરાએ હુમલો કરી લોખંડનુ.પાનુ ફટકારી લોહીલુહાણ કરી નાંખ્યો હતો. ત્રીજી ઘટનામાં ગાળો બોલવા મામલે કલરકામના કારીગર પર બે ભાઇઓએ હુમલો કરી સળીયાથી ફટકારી ઢસડીને ઇજા પહોંચાડતાં તમામને સારવાર લેવી પડી હતી. અલગ અલગ પોલીસ સ્ટેશનમાં આ બનાવોમાં એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી.



વિગતો પર નજર કરીએ તો કાલાવડ રોડ નૂતનનગર મેઇન રોડ બ્લોક નં. ૪૧માં રહેતાં બોંતેર વર્ષાના વૃધ્ધા નિર્મળાબેન કિશોરભાઇ કાનપરા પર તેમના જ દિકરા રવિને હુમલો કર્યો હતો. રવિને વૃધ્ધ માતાનો હાથ મરડી આંગળી ખેસવી નાખી હતી અને બહેનને વાઇપરથી ફટકારી હતી. માતાના દવાના ખર્ચ બાબતે આ શખ્સે પિત્તો ગુમાવી દીધો હતો. માલવીયાનગર પોલીસે ગુનો દાખલ કર્યો તેમાં વૃધ્ધા નિર્મળાબેને જણાવ્યું છે કે હુ.નિવૃત જીવન જીવુ છું અને મારે સંતાનમાં બે પુત્ર તથા એક પુત્રી છે. દિકરી સોનલબેન અપરિણીત છે અને મારી સાથે રહે છે. મોટો દિકરો વિપુલભાઇ અલગ રહે છે. તેનાથી નાનો રવિન જે તેતાલીસ વર્ષનો છે પણ અલગ તેના પત્નિ, બાળકો સાથે રહે છે. પંદરમી તારીખે બપોરે હું અને મારી દિકરી ઘરે હતાં તયારે દિકરો રવિન આવ્યો હતો. આ વખતે મારી દિકરી સોનલે મારી સારવારની દવા મંગાવી હોઇ તેના બિલની ચુકવણી કરવાનું કહેતાં રવિને કોઇ જવાબ આપ્યો નહોતો.

આ કારણે ફરીથી મારી દિકરીએ દવાના બિલની ચુકવણી બાબતે ભાઇ રવિનને કહેતાં તેને સારુ ન લાગતાં તે ઉશ્કેરાઇ ગયો હતો અને ઉંચા અવાજે બોલવા માંડ્યો હતો. જેથી મેં તેને શાંતિ રાખવાનું કહેતાં તે વધુ ઉંચા અવાજે બોલી સોનલ સાથે ઝપાઝપી કરવામ ાંડ્યો હતો. તેમજ તેણીને હાથથી મારકુટ કરીહતી. હું વચ્ચે પડતાં મારા ડાબા હાથનો પંજો પકડી મરડી નાંખ્યો હતો. મને હાથમાં દુઃખાવો થતાં હું રાડારાડી કરવા માંડતાં રવિન બાથરૂમમાં ગયો હતો અને વાઇપર ઉપાડી મારી દિકરીને આડેધડ મારવા માંડ્યો હતો. તેમજ તમને હું કહું તેમજ તમારે રહેવાનું છે, તેમ કહી દિકરો રવિ રૂમમાં જતો રહ્યો હતો. મને અને દિકરીને ઇજા થઇ હોઇ દુઃખાવો થતો હોઇ સારવાર માટે ગયા હતાં. મારા ડાબા હાથની વચલી આંગળીનું હાડકુ ખસી ગયાનું ડોક્ટરે કહ્યું હતું. આ કારણે મારે ફરિયાદ કરવીપ ડી હતી. તેમ વધુમાં વૃધ્ધાએ કહેતાં માલવીયાનગર પોલીસ સ્ટેશનના હેડકોન્સ. એ. વી. ચાવડાએ ફરિયાદ દાખલ કરી હતી.

બીજા બનાવમાં પેડક રોડ વાલ્મિકી આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં સફાઇ કામદાર આડત્રીસ વર્ષના વિજયભાઇ ભગવાનજીભાઇ મવકાણાની ફરિયાદ પરથી તેના બિલ્ડીંગમાં ચોથા માળે રહેતાં વિજય હેમતભાઇ ગડીયલ અને ઉષાબેન હેમતભાઇ ગડીયલ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. વિજયભાઇ મકવાણાએ કહ્યું હતું કે હું પત્નિ, બે દિકરા સાથે રહું છું. અમે પતિ-પત્નિ ગોકુલ હોસ્પિટલમાં સફાઇ કામદાર તરીકે કામ કરીએ છીએ. અમારી બિલ્ડીંગમાં ચોથા માળે રહેતાં ઉષાબેન ગડીયલ અને તેનો દિકરો વિજય રહે છે. તેમની સાથે મારા પત્નિના માસીના દિકરા અને સાળાને ઝઘડો થયો હતો અને બાદમાં તેનું સમાધાન થઇ ગયું હતુ. આમ છતાં આ બાબતનો ખાર રાખી ઉષાબેન અને તેનો દિકરો વિજય અવાર-નવાર અમારી સાથે ઝઘડો કરતાં હતાં.

આ દરમિયાન હું અને મારો નાનો દિકરો ઘરે હતાં ત્યારે હું સુતો હતો અને દિકરો જે ચાર વર્ષનો છે તે રૂમ ખોલીને રમતો હતો ત્યારે વિજય ગડીયલ અને તેના માતા ઉષાબેન ઉપરથી નીચે ઉતરતા હોઇ મારા ઘરનો દરવાજો ખુલ્લો જોઇ જતાં હું સાંભળુ તેમ જોર જોરથી ગાળો બોલવા માંડ્યા હતાં. મેં ગાળો બોલવવાની ના પાડતાં બંને મા-દિકરાએ મારી સાથે મારામારી ચાલુ કરી હતી. મને માથામાં લોખંડનું પાનુ ફટકારી દીધુ હતું જેના કારણે હું લોહીલુહાણ થઇ ગયો હતો અને સારવાર લીધી હતી. હેડકોન્સ. પુષ્પરાજસિંહ જાડેજાએ કાર્યવાહી કરી હતી. ત્રીજી ઘટના જોઇએ તો કોઠારીયા રોડ આશાપુરા સોસાયટી-૧૬માં રહેતાં અને કલરકામ કરી ગુજરાન ચલાવતો બત્રીસ વર્ષનો સુરજસિંગ શીવકુમાર ઠાકુર કે જે મુળ યુપી કાશી કાનપુરનો વતની છે તે સાંજે આઠેક વાગ્યે હુડકો ચોકડીએ બલરાજભાઇની ચાની હોટલે બેઠો હતો ત્યારે ભીમસિંગ અને રબિતસિંગ નામના બંને ભાઇઓ આવ્યા હતાં અને 'તારો ભાઇ કરણસિંગ અમને ગાળો આપે છે' તેમ કહી બંનેએ મને ગાળો દેતાં મેં તેને ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાઇ જઇ લોખંડના સળીયાથી હુમલો કરી મને માથા પાછળ અને ડાબા કાન પાસે ઘા મારી દેતાં લોહીલુહાણ થઇ હું પડી ગયો હતો. ત્યારબાદ પણ મને ઢીકાપાટુ માર્યા હતાં. એ પછી રબિતસિંગે મારો પગ ખેંચી ઢસડતાં છોલાઇ ગયો હતો. દેકારો થતાં બંને ભાગી ગયા હતાં.

આસપાસના લોકો ભેગા થઇ જતાં મને છોડાવ્યો હતો. બાદમાં મેં ફોન કરી મારા ભાઇને બોલાવતાં મને હોસ્પિટલે લઇ ગયો હતો. અહિ માથામાં ત્રણ ટાંકા આવ્યા હતાં. મારા ભાઇ કરણસિંગ સાથે ભીસિંગ અને રબિતસિંગને માથાકુટ થઇ હોઇ તેનો ખાર રાખી આ બનેએ મને ગાળો દઇ માર માર્યો હતો. તેમ વધુમાં સુરજસિંગે કહેતાં ભક્તિનગરના પીએસઆઇ વી. એલ. રાઠોડે ગુનો દાખલ કર્યો હતો. આ મામલે એફઆઇઆર દાખલ કરી આરોપીઓને ઝડપી લેવા કાર્યવાહી કરી હતી. આમ ત્રણ અલગ અલગ મારામારીની ઘટનાઓ નોંધાઇ હતી.

---

ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદના પ્રાંગણમાં

# યુનિવર્સીટીનો યોજાયો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ-'તેજતૃષા'




રાજકોટ મિરર, તા.૧૮

ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદના પ્રાંગણમાં યુનિવર્સીટીનો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ-'તેજતૃષા' યોજાયો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિવિધ પ્રકારની સાહિત્યિક તેમજ સાંસ્કૃતિક સ્પધોઓનું આયોજન કરાયું હતું. યુનિવર્સીટીના તમામ પ્રાદેશિક કેન્દ્રના કુલ ૮૮૯ વિદ્યાર્થીઓએ ઉમંગ અને ઉત્સાહ સાથે આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. રાજકોટ પ્રાદેશિક કેન્દ્રના ૪૪ વિદ્યાર્થીઓએ આ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહ પૂર્વક ભાગ લઈને પોતાની પ્રતિભા અને વૈવિધ્ય આંતરિક શક્તિઓનું પ્રદર્શન કર્યું હતું. દિવસ દરમિયાન વિવિધ સ્પધોઓનું સુચારુ સંચાલન થતા વિદ્યાર્થીઓમાં અનેરો જોષ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. પ્રથમ સત્રનો સમય સવારના ૯:૦૦ થી ૧૧:૦૦ કલાકનો હતો. ત્યાર બાદ યુવાનોના પ્રિય એવા લેખક અને આંતરરાષ્ટ્રીય વક્તા જય વસાવડાને યુનિવર્સીટીએ મુખ્ય મહેમાન તરીકે આમત્રિત કરેલા, જેમના પ્રેરક પ્રવચનથી સભાગૃહમાં એક અનેરા ઉત્સાહનું મોજુ ફેલાઈ ગયુ હતું. સૌ વિદ્યાર્થીઓએ તેમના લેખકને તાળીઓના ગડગડાટ સાથે વધાવી, ખુબજ આનંદ પૂર્વકએ પ્રેરક પ્રવચનનું રસપાન કર્યું હતું. જયભાઈ એ તેજતૃષા શબ્દનો અર્થ તેમની આગવી વાકછટાથી પ્રસ્તુત કરી વિદ્યાર્થીઓમાં એક નાવીન્ય શક્તિનું સિંચન કરી તેઓને પ્રોત્સાહિત કર્યા હતા. યુવા વર્ગ જયારે આવા પ્રબુધ સાહિત્યિક સંગોષ્ઠીનો ભાગ બને છે ત્યારે જ ખરેખર સ્વાવલોકનથી પોતાની આંતરિક શક્તિઓને આવિર્ભૂત કરવા પ્રેરાય છે.

વિદ્યાર્થીઓ યુનિવર્સીટીના કુલગુરુ પ્રોફેસર ડો.અમીબેન ઉપાધ્યાયનો અંતઃપૂર્વક આભાર પ્રગટ કરે છે કે જેઓ હમેશા વિદ્યાર્થીઓના સવાંગી વિકાસને પ્રાધાન્ય આપી, નિરંતર આવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને વિદ્યાર્થીઓને પોતાની આંતરિક શક્તિઓના આવિર્ભાવ માટે આવી સુવર્ણ તકો પૂરી પાડે છે.

આ તકે ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવસિટીના કુલપતિ પ્રો. ડો. અમી ઉપાધ્યાયએ યુનિવસિટીની સિદ્ધિઓ વર્ણવી હતી અને યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ પ્રકલ્પ વિશે માહિતીગાર કર્યા હતા તેમજ 'તેજતૃષા મહોત્સવ'નું મહત્ત્વ સમજાવતાં તેઓ જણાવ્યું કે, 'તેજતૃષા મહોત્સવ'ની શરૂઆત ૨૦૧૯માં કરવામાં આવી હતી. આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા માટે ઉંમરનો કોઈ બાધ નથી તેમ આ પ્રતિભા મહોત્સવમાં કોઈ પણ ઉંમરના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે એને એમની કળાને.. સ્કિલને... આવડતને રજૂ કરવા માટે આ યુનિવર્સિટીએ મંચ આપ્યું છે. હકીકત એ છે કે દરેક વ્યક્તિમાં કોઈપણ પ્રકારે તેજ છે એ તેજને બહાર લાવવા માટે જે તરસ છે તે તૃષા છે અને એટલે જ આ મહોત્સવને 'તેજતૃષા' નામ આપવામાં આવ્યું હતું., તેઓએ એમ પણ જણાવ્યું કે, આગામી સમયમાં યુનિવર્સિટી સિનેમા ઉપર નવા અભ્યાસક્રમ શરૂ કરવા તરફ જઈ રહી છે જેમાં કોઈ પણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ સિનેમાના અભ્યાસક્રમમાં જોડાઇ શકે અને પોતાની કારકિદી બનાવી શકે છે. કાર્યક્રમનું બીજું સત્ર બપોરના ૨:૦૦ કલાક થી સાંજ ના ૬:૦૦ કલાક સુધી ચાલી હતી.

સંગીત, નાટક, મિમિક્રી, નૃત્ય, ફેશન શો જેવી વિવિધ સ્પધોઓને ત્યાં ઉપસ્થિત સર્વ એ ખુબ આનંદ પૂર્વક માણી. તેજતૃષા વિવિધ સ્પધોઓમાં ભાગ લેનાર સ્પર્ધકો મા પ્રથમ દ્વિતીય તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર સ્પધકોને શિલ્ડ આપી અને સન્માનિત કરવામાં આવેલ હતા, આ તકે યુનિવર્સિટીના કુલસચિવ ડો.એ.કે. જાડેજા, પ્રો. ડો. પ્રિયાંકો બેન વ્યાસ, ડો. હિમાંશુ પટેલ, ડો. સંજયભાઇ પટેલ, ડો. નિશાબેન જોષી, ડો. કૃતિ છાયા, ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનુ સંચાલન પ્રો. દિગીશ વ્યાસ કર્યું હતું.

યુનિવર્સીટી દ્વારા આયોજિત આવા વિવિધ કાર્યક્રમમાં સર્વ વિદ્યાર્થીઓ રસપૂવક વધુને વધુ જોડાય અને પોતાની આંતરિક શક્તિઓનો પરિચય કરે તેવી અભ્યર્થના વ્યક્ત કરાઈ હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કુલગુરું પ્રોફ (ડો) અમીબેન ઉપાધ્યાયના પ્રેરક માર્ગદર્શન હેઠળ સર્વ સ્ટાફએ જહેમત ઉઠાવી હતી. રાજકોટ પ્રાદેશિક કેન્દ્રથી સ્ટાફ દ્વારા રાજકોટ પ્રાદેશિક કેન્દ્રના નિયામક ડો ઉર્વીબેન ત્રિવેદો, મદદનીશ નિયામક નિનાદ ભટ્ટ અને મદદનીશ પ્રાધ્યાપક ડો ભાવનાબેન ત્રિવેદી અને સર્વે સ્ટાફના સભ્યો દૂવારા વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનથી માંડીને લઇ જવા તથા પરત આવવાની વ્યવસ્થા ગોઠવાઈ હતી.

---

# ધોરાજી-ઉપલેટા-ભાયાવદરની પાલિકામાં કેસરિયો લહેરાયો

## ધોરાજી પાલિકામાં કોંગ્રેસના ગઢમા ગાબડું : ત્રણેય નગર પાલિકામાં ભાજપને સ્પષ્ટ બહુમતી વિજયને વધાવવા ધારાસભ્ય પાડલીયા કાર્યકરોની વચ્ચે પહોંચ્યા



રાજકોટ મિરર, તા.૧૮

ગુજરાત ભરમાં પાલિકા પંચાયતની ચૂટણીમાં ભાજપ ઉપર મતદારોએ વિજય વિશ્વાસ મુકતા કોંગ્રેસના સુપડાસાફ કરતા ફરી એક વખત વિકાસના માર્ગને વાચા આપી છે. ત્યારે રાજકોટ જિલ્લાના ધોરાજી ઉપલેટા અને ભાયાવદર પાલિકાની ચૂટણીમા પણ પ્રજાએ ભાજપ ઉપર સપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરતા ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલીયા અને તેમની ટીમ ઉપર વિશ્વાસ વ્યક્ત કરી પૂર્ણ બહુમતી સાથે ભાજપને વિજય અપાવ્યો છે. ધોરાજી પાલિકા કોંગ્રેસનો ગઢ ગણાતી હતી. વર્ષો સુધી કોગ્રેસ દ્વારા પાલિકામાં શાસન સ્થપાયેલું હતું પરંતુ પ્રજાના કામ ના થતા લોકોએ કોગ્રેસને જાકારો આપી ભાજપ ઉપર વિશ્વાસની મહોર લગાવી પૂર્ણ બહુમત આપી છે. ધોરાજીમાં ભાજપનો ૩૬ સીટમાથી ૨૪ સીટ ઉપર વિજય થયો છે. અને કોંગ્રેસને ૧૨ સીટ. મળી છે. ઉપલેટા પાલિકાની ચૂટણીમા ભાજપને ૩૬ માથી ૨૭ અને કોગ્રેસને ૬ જયારે અપક્ષના ફાળે ૨ અને એક સીટ એઆઈએમઆઈએમને મળી છે.

જયારે ભાયાવદર પાલિકામાં શરૂઆતથી જ ભાજપ પાર્ટીમાં અસંતોષનો માહોલ સર્જાયેલ જેને લઈને અમુક કાર્યકરોએ પાર્ટી બદલી કોગ્રેસમાં સામેલ થઇ ગયા હતા. અસંતુષ્ટની પાર્ટી બદલુની છાપ બની જતા લોકોએ પાર્ટી બદલુઓને જાકારો આપી બાય બાય કરતા ભાજપને કુલ ૨૪ માથી ૧૫ બેઠકો મળી હતી. કોંગ્રેસના ફાળે ૯ સીટ આવતા ભાયાવદર પાલિકામાં પણ સંપૂર્ણ બહુમતી મળી છે.

ધોરાજી ઉપલેટા ભાયાવદર ત્રણેય નગર પાલિકામાં ધારાસભ્ય પાડલીયાની સંપૂર્ણ દેખરેખ અને માઈક્રો પ્લાનિંગથી સ્થાનિક કાર્યકર્તાઓએ અથાગ મહેનત લીધી હતી, જેના ફળસ્વરૂપ ત્રણેય નગર પાલિકામાં કેસરિયો લહેરાયો હતો. તમામ વિજેતા ઉમેદવાર સાથે કાર્યકરોને ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ જીત બદલ અભિનંદન પાઠવી જીતમાં સહભાગી થયેલા મતદારો સહીત સૌનો આભાર માન્યો હતો.

સામાજિક સંગઠન અને એકતાનો વિજય હોવાનું ગણાવી ''રાજકોટ મિરર'' ને વધુ વિગતો આપતા ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલીયાએ જણાવ્યું હતું કે, મોટી પાનેલી તાલુકા પંચાયત સીટ નંબર એક ના વિજય પાછળ મતદારોએ જ્ઞાતિ - ધર્મના વાડા તોડી એકતા અને સંગઠનની ભાવના અપનાવી તે અભિનંદનને પાત્ર છે. મનીષાબેન ભાવેશભાઈ સવસાણીને વિજયી બનાવનાર મતદારો અને ગ્રામજનોનો પણ આ તકે આભાર માન્યો હતો.

---

પેંડાગેંગના પરેશ બળદા પર ભડાકો કરી હત્યાનો પ્રયાસ કરવાના ગુનામાં તપાસ આગળ વધી

# જંગલેશ્વર ગેંગના ત્રણ શખ્સો જેલમાં, વધુ ત્રણ પોલીસના હાથમાં

## ત્રણેય ગેંગના સુત્રધાર સમીર ઉર્ફ મુર્ગોના સાગ્રીતઃ ફાયરીંગ વખતે કારમાં સાથે જ હતાંઃ તાલુકા પોલીસે ધરપકડ કરી

રાજકોટઃ શહેરમાં સામાન્ય વાતે મારામારીની ઘટનાઓ તો બનતી જ રહે છે. પરંતુ ક્યારેક ગેંગવોર પણ જામી પડે છે. ફિલ્મી ઢબે અહિ ધડાધડ ફાયરીંગ થાય છે અને એક બીજાને ભરી પીવા ગેંગના સાગ્રીતો સામ સામે આવી જાય છે. આવી જ ઘટના શહેરમાં ગોંડલ રોડ પાસેના વાડી પુનિતનગરમાં બની હતી. જેમાં પેંડાગેંગના સાગરીત પરેશ રાજુભાઇ બળદા પર ફાયરીંગ કરી હત્યાનો પ્રયાસ કરવાના ગુનામાં એસઓજીએ જંગલેશ્વર ગેંગના ત્રણને દબોચી લીધા હતાં. આ ત્રણેયના આજે રિમાન્ડ પુરા થતાં કોર્ટહવાલે અને ત્યાંથી જેલહવાલે થયા હતાં. બીજી તરફ આ ગુનામાં તાલુકા પોલીસે વધુ ત્રણ આરોપીને પકડી લઇ કાર્યવાહી કરી હતી. આ ત્રણેય પણ ગેંગના સુત્રધારના સાગ્રીતો છે, તે પણ ફાયરીંગ વખતે કારમાં સાથે હતાં.



વિગતો જોઇએ તો પુનિતનગર પાસેની કર્મચારી સોસાયટીમાં રહેતો અને પેંડાગેંગનો સાગરીત પરેશ રાજુભાઇ બળદા ગયા શનિવારે સવારે તેના ઘર પાસે બેઠો હતો ત્યારે કારમાં ધસી આવેલા જંગલેશ્વરના સમીર ઉર્ફે મુર્ગો, સોહિલ ઉર્ફે ભાણો, નવાઝ શઉર્ફ શાહનવાઝ સહિતના શખ્સોએ ફાયરિંગ કરી નાસી જતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવને પગલે તાલુકા પોલીસ મથકના તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર ડી. એમ. હરિપરા, ભાવીનભાઇ સહિતના સ્ટાફે પરેશની ફરિયાદ પરથી ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. આ ગુનો આચરી આરોપીઓ યુપી ભાગી જાય એ પહેલા એસઓજી પીઆઇ સંજયસિંહ એમ. જાડેજાની ટીમે અને ક્રાઇમ બ્રાંચની ટીમે ત્રણને ઝડપી લીધા હતાં.

ઝડપાયેલાઓમાં જંગલેશ્વર ગેંગના સમીર ઉર્ફે મુર્ગો યાસીનભાઇ પઠાણ (રહે. જંગલેશ્વર, એકતા સોસા.), શાહનવાઝ ઉર્ફે નવાઝ મુસ્તાકભાઇ વેતરણ (રહે. જંગલેશ્વર, હુસેની ચોક) અને સોહિલ ઉર્ફે ભાણો સિકંદરભાઇ ચાનિયા (રહે. જંગલેશ્વર, હુસેની ચોક)નો સમાવેશ થતો હતો. તેની પાસેથી પિસ્તોલ, બે જીવતા કારતૂસ અને કાર કબજે કરી તેની આકરી પૂછતાછ કરી હતી. આ ત્રણેયના એક દિવસના રિમાન્ડ મળ્યા હતાં. પુછપરછ થતાં આ ત્રણેયની સાથે કારમાં બીજા ત્રણ શખ્સો દિનેશ હકાભાઇ રીબડીયા (ઉ.વ.૨૮ ધંધો. મજુરી રહે.જંગલેશ્વર શેરી નંબર ૧, શાળા નંબર ૭૦ની બાજુમા, અકરમ ઉર્ફે અપ્પુ ઇસુબભાઇ નાથાણી (ઉ.વ.૨૩ ધંધો.ઇંડાની રેકડીમા મજુરી રહે. ધાંચીવાડ શેરી નંબર ૭નો ખુણો સ્મશાનવાળી શેરી હુશેનભાઇના મકાનમા ભાડેથી જીલ્લા ગાર્ડન ચોક) અને ઇમ્તીયાઝ ઉર્ફે ઇમ્તુડો અલ્તાફભાઇ પરમાર ( ઉ.વ. ૨૫, ધંધો-મજુરી રહે. વિનોદનગર આવાસ યોજનાના ક્વાર્ટર બ્લોક નં. ૩ કવાર્ટર નં.૨૦૦૬ પાણીના ટાંકા પાસે કોઠારીયા રોડ)ના નામ ખુલતાં આ ત્રણેયને પણ પકડી લેવાયા છે.

સંક્રાંતિના દિવસે સોહિલ ઉર્ફ ભાણાની ગર્લફ્રેન્ડની પરેશ ઉર્ફ પરીયો સહિતે છેડતી કરી હોઇ તેના કારણે શરૂ થયેલી બબાલ ગેંગવોર સુધી પહોંચી ગઇ હતી. વધુ ત્રણ આરોપી ઝડપાયા હોઇ ઇન્સ્પેક્ટર ડી. એમ. હરીપરા, ભાવીનભાઇ, પીએસઆઇ બી. આર. ભરવાડ, હરપાલસિંહ જાડેજા, કૌશેન્દ્રસિંહ સહિતની ટીમે ત્રણેયની વધુ તપાસ હાથ ધરી હતી. સુત્રધાર સમીર ઉર્ફ મુર્ગો મોટે ભાગે યુપી રહે છે અને હથીયાર પણ ત્યાંથી લાવ્યો હતો. ગેંગના મુખ્ય સુત્રધાર સહિત છને ઝડપી લેવાયા હોઇ આ તમામનો જેલવાસ હશે ત્યાં સુધી હવે શાંતિ રહેશે.

# નપા - પંચાયતની ચૂંટણીમાં ભાજપનું રોડરોલર

## રાજકોટ જિલ્લાની ૧૬૮ બેઠકો માંથી ભાજપનો ૧૨૦ બેઠકો પર વિજય : કોંગ્રેસને ૩૩ જ્યારે અન્યને મળી ૧૫ બેઠક







રાજકોટ, તા. ૧૮

ગઈ કાલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદારોએ ભાજપને વિજય બનાવ્યું એટલું જ નહીં ભાજપને ધૂરા પણ સોંપી છે કારણકે તજજ્ઞનું માનવું છે કે ભાજપના વિકાસ મોડલને સ્થાનિક લોકોએ અપનાવ્યું છે અને તેઓને આશા છે કે તેમના વિસ્તારમાં જે વૃદ્ધિ થવી જોઈએ તે માત્ર ભાજપ પક્ષ જ કરી શકશે અને તેને પરિણામે જ હાલ ભાજપ તરફી માહોલ જોવા મળ્યો અને ભાજપને મતદારોએ ખૂબ લઈને ખોબલે મત આપીને વિજય બનાવ્યું.

પાલિકાની ૧૬૭૭ બેઠકોમાંથી ભાજપના ફાળે ૧૨૫૦થી વધુ બેઠકો મળી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે મેદાન માર્યું છે. પાલિકા અને પંચાયતની ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. પાલિકાની ૧૬૭૭ બેઠકોમાંથી ભાજપના ફાળે ૧૨૫૦થી વધુ બેઠકો ગઈ. ૬૮માંથી ૪૯ નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો છે. પંચાયતની ૭૮માંથી ૫૫ બેઠકો પર ભાજપનું બુલડોઝર ફર્યું. જૂનાગઢ મનપાની ૬૦માંથી ૪૮ બેઠકો પર ભાજપનો કેસરિયો લહેરાયો છે. ચૂંટણી પહેલા જ રાજ્યમાં કુલ ૨૧૪ બેઠકો બિનહરીફ થઇ છે. જેના કારણે ૪ નગરપાલિકામાં મતદાન પહેલાં જ ભાજપને બહુમતી મળી ગઈ છે.. ભચાઉ, બાંટવા, જાફરાબાદ, હાલોલમાં બેઠકો બિનહરીફ થતાં ચારેયમાં ચૂંટણી પહેલા જ ભાજપનું શાસન સ્થપાઈ ગયું છે. ચૂંટણી પહેલા જ ૬૬ નગરપાલિકાના ૪૬૧ વોર્ડ પૈકી કુલ ૨૪ વોર્ડ બિનહરીફ થયા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૫ અંતર્ગત રાજકોટ જિલ્લાની પાંચ નગરપાલિકા જસદણ, જેતપુર-નવાગઢ, ધોરાજી, ભાયાવદર અને ઉપલેટાની સામાન્ય ચૂંટણીના પરિણામ જાહેર થયા છે. જેમાં જસદણ નગરપાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકોમાંથી ૨૨ બેઠક ભારતીય જનતા પાર્ટીના, ૫ બેઠક ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અને ૧ બેઠક પર અપક્ષના ઉમેદવારોએ વિજય મેળવ્યો હતો. તો જેતપુર-નવાગઢ નગરપાલિકાના ૧૧ વોર્ડની કુલ ૪૪ બેઠકોમાંથી ૩૨ બેઠક પર ભારતીય જનતા પાર્ટીના, ૧ બેઠક પર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના તેમજ ૧૧ બેઠક પર અપક્ષના ઉમેદવારોએ જીત મેળવી હતી.

રાજકોટ જિલ્લાની ધોરાજી નગરપાલિકાના ૯ વોર્ડની ૩૬ બેઠકોમાંથી ૨૪ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના, ૧૨ બેઠકો પર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવારો તેમજ ભાયાવદર નગરપાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠકોમાંથી ૧૫ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના, ૯ બેઠકો પર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવારો અને ઉપલેટા નગરપાલિકાના ૯ વોર્ડની ૩૬ બેઠકોમાંથી ૨૭ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના, ૬ બેઠક ઉપર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના, ૧ બેઠક પર ઓલ ઈન્ડિયા મજલીસ-એ-એતીહાદુલ મુસ્લિમીન પક્ષના અને ૨ બેઠક પર અપક્ષના ઉમેદવારો વિજયી થયા હતા. આમ, પાંચ નગરપાલિકાના કુલ ૪૨ વોર્ડની ૧૬૮ બેઠકોમાંથી ૧૨૦ બેઠક પર ભારતીય જનતા પાર્ટીના,૩૩ બેઠક પર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના, ૧ બેઠક પર ઓલ ઈન્ડિયા મજલીસ-એ-એતીહાદુલ મુસ્લિમીન પક્ષના અને ૧૪ બેઠક પર અપક્ષના ઉમેદવારોએ વિજય પ્રાપ્ત કર્યો છે,તેમ રાજ્ય ચૂંટણી આયોગની યાદીમાં જણાવાયું છે.

રાજકોટ જિલ્લાની પાંચ નગરપાલિકાઓ જેતપુર-જસદણ-ધોરાજી-ભાયાવદર અને ઉપલેટાના આજે પરિણામો આવી જતાં તમામ પાંચેય નગરપાલિકાઓમાં ભાજપનો કેસરિયો છવાયો છે અને પાંચેય નગરપાલિકામાં ફરી એકવખત ભાજપનું શાસન આવે તેવી બહુમતિ મળી છે. જો કે, ઉપલેટામાં પ્રથમ વખત ઓવૈસીની પાર્ટી અઈંખઈંખના ઉમેદવાર વિજેતા થયા છે. કોંગ્રેસને ફરી એક વખત નિરાશા હાથ લાગી છે.જેતપુર નગરપાલિકાની ચૂંટણીમાં ૪૪માંથી ૪૨ બેઠકો ઉપર જ ભાજપ ચૂંટણી લડતું હોવા છતાં ૩૨ બેઠકો ઉપર ભાજપનો વિજય થયો છે. જ્યારે ૧૧ અપક્ષો ચૂટાયા છે અને કોંગ્રેસને સમખાવા પુરતી માત્ર એક બેઠક મળી છે. આજ રીતે કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના મત વિસ્તાર જસદણ નગરપાલિકામાં ૨૮ બેઠકોમાંથી ભાજપને ૨૨ અને કોંગ્રેસને ૫ બેઠક મળી છે એક બેઠક ઉપર અપક્ષ ઉમેદવાર વિજેતા થયેલ છે.

ભાયાવદર નગરપાલિકામાં પણ ભાજપનો વિજય વાવટો ફરક્યો છે. કુલ ૨૪ બેઠકોમાંથી ભાજપને ૧૫ અને કોંગ્રેસને ૯ બેઠકો મળી છે. આજ રીતે ઉપલેટા નગરપાલિકામાં ૩૬ બેઠકમાંથી ભાજપને ૨૭, કોંગ્રેસને ૬ અને ત્રણ બેઠકો અપક્ષને મળી છે. ઉપલેટામાં ભાજપને ચૂંટણી પહેલા જ પાંચ બેઠકો બીનહરીફ મળી હતી. જ્યારે બાકીની ૩૧ બેઠકોની યોજાયેલી ચૂંટણીમાં ભાજપના ૨૨ ઉમેદવારો ચૂંટાયા છે. ધોરાજી નગરપાલિકામાં શાસન પલ્ટો આવ્યા જેવી સ્થિતિ સર્જાયેલ છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ લલીત વસોયાના વિસ્તાર ધોરાજી નગરપાલિકાની કુલ ૩૬ બેઠકોમાંથી ભાજપને ૨૪ બેઠકો અને કોંગ્રેસને ૧૨ બેઠકો મળી છે. આજે સવારે પાંચેય નગરપાલિકાઓની મતગણતરી અલગ અલગ સ્થળે હાથ ધરવામાં આવી હતી. પાંચેય નગરપાલિકાઓમાં ભાજપનો વિજય થતાં વિજેતા ઉમેદવારોના વિજય સર્ઘષ નિકળ્યા હતાં.

## નગરપાલિકાના પરિણામો કોંગ્રેસ માટે સારા: શક્તિસિંહ ગોહીલ

નગરપાલિકાની ચૂંટણીના આજે જાહેર થયેલા પરિણામો કોંગ્રેસ માટે નિરાશાજનક ના હોવાનું પ્રદેશ પ્રમુખ અને રાજ્યસભાના સભ્ય શક્તિસિંહ ગોહિલે જણાવ્યું છે. સ્થાનિક સ્વરાજ્યની પાછલી ચૂંટણીઓ અને તેના પરિણામોનો હવાલો આપીને શક્તિસિંહે કહ્યું કે, આ વખતે કોંગ્રેસ માટે સારા પરિણામો આવ્યા છે. જો કે તેમણે અંબરીશ ડેર, હર્ષદ રીબડીયા, જવાહર ચાવડા જેવા નેતાઓ કોંગ્રેસમાં ના રહેતા નગરપાલિકા વિસ્તારમાં અસર થઈ હોવાની કબૂલાત કરી હતી. શક્તિસિંહે આક્ષેપ કર્યો હતો કે, અઈંખઈંખ ના મેન્ડેટ ભાજપે આપ્યા હતા. ૨૦૧૮માં નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ પાસે ૭૮ ધારાસભ્યો હોવા છતા, આજના જેવા પરિણામો કોંગ્રેસને મળ્યા નહોતા. જૂનાગઢમાં જ્યા એક સમયે એક જ કોર્પોરેટર વિજયી થયા હતા ત્યાં આજે ૧૧ કોર્પોરેટરો વિજયી થયા છે. સ્થાનિક મજબૂત નેતાઓ ના રહેતા, ચૂંટણીમાં રકાસ થયો હોવાનો પણ શક્તિસિંહે આડકતરો ઈશારો કર્યો હતો.

## ચાર તાલુકા પંચાયતની છ બેઠકોની પેટા ચૂંટણીમાં પાંચ બેઠક પર ભાજપ, એક પર કોંગ્રેસના ઉમેદવાર જીત્યા

રાજકોટ જિલ્લાની ચાર તાલુકા પંચાયતની છ બેઠકોની પેટા ચૂંટણીનું પરિણામ જાહેર થયું છે. જેમાં પાંચ બેઠક પર ભાજપના ઉમેદવાર, જ્યારે એક બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર વિજેતા જાહેર થયા છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી સાથે રાજકોટ જિલ્લાની ચાર તાલુકા પંચાયતની છ બેઠકોની પેટા ચૂંટણી જાહેર કરાઈ હતી. જેના માટે ૧૬મી ફેબ્રુઆરીએ મતદાન થયું હતું. મતગણતરી બાદ આ છ બેઠકોનું પરિણામ જાહેર થયું છે. જેમાં ગોંડલ તા.પં.ની સુલતાનપુર, ઉપલેટાની મોટી પાનેલી, જસદણની આંબરડી તથા ભાડલા, જેતપુરની પીઠડીયા બેઠક પર ભાજપના ઉમેદવાર વિજેતા જાહેર થયા છે. જ્યારે ઉપલેટાની ડુમિયાણી બેઠક પર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર વિજેતા બન્યા છે, તેમ રાજ્ય ચૂંટણી આયોગની યાદીમાં જણાવાયું છે.

## રાજુલા, જાફરાબાદ નગરપાલિકામાં કોંગ્રેસનો સફાયો

અમરેલીઃ રાજુલા, જાફરાબાદ નગરપાલિકામાં કોંગ્રેસનો સફાયો થયો છે. તમામ બેઠક પર ભાજપની ભવ્ય જીત, કોંગ્રેસનું ખાતું ખુલ્યું નહીં. રાજુલા માર્કેટિંગ યાર્ડમાં ભાજપની જીતની ફટાકડા ફોડીને ઉજવણી કરી. ભાજપના વિજયથી કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

### જિલ્લા પ્રમાણે નપા ચૂંટણીના પરિણામ

| જિલ્લો | કુલ બેઠકો | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| તાપી | 28 | 26 | 2 | 0 |
| જામનગર | 84* | 68 | 10 | 2 |
| સુરેન્દ્રનગર | 28 | 25 | 0 | 3 |
| અમદાવાદ | 84 | 59 | 23 | 2 |
| વડોદરા | 28 | 19 | 0 | 9 |
| ખેડા | 136 | 76 | 2 | 58 |
| સાબરકાંઠા | 76 | 58 | 14 | 4 |
| દ્વારકા | 80 | 49 | 18 | 13 |
| આણંદ | 72 | 49 | 6 | 17 |
| પાટણ | 76 | 54 | 18 | 4 |
| ગીર સોમનાથ | 28 | 28 | 0 | 0 |
| મહીસાગર | 80 | 47 | 27 | 6 |
| પોરબંદર | 52 | 18 | 0 | 34 |
| બોટાદ | 28 | 18 | 10 | 0 |
| છોટા ઉદેપુર | 28 | 8 | 1 | 19 |
| નવસારી | 36 | 29 | 2 | 5 |
| કચ્છ | 56 | 49 | 7 | 0 |
| મહેસાણા | 52 | 39 | 9 | 4 |
| અમરેલી | 104 | 98 | 5 | 1 |
| રાજકોટ | 168 | 120 | 33 | 15 |
| મોરબી | 28 | 27 | 1 | 0 |
| પંચમહાલ | 64 | 51 | 13 | 0 |
| ભાવનગર | 92 | 60 | 26 | 6 |
| દાહોદ | 52 | 30 | 3 | 19 |
| જૂનાગઢ | 160 | 126 | 28 | 6 |
| વલસાડ | 96 | 83 | 6 | 7 |
| ગાંધીનગર | 28 | 27 | 1 | 0 |

## કોડીનાર નગરપાલીકામાં તમામ ૨૮ બેઠકો પર ભાજપનો ભગવો

ગીર સોમનાથની કોડીનાર નગરપાલિકામાં ભાજપની ભવ્ય જીત થઈ છે. કોડીનાર નગરપાલિકામાં તમામ ૨૮ બેઠકો ઉપર ભાજપનો ભગવો લહેરાયો છે.આતશબાજી અને વીજય સરઘસથી દીવાળી જેવો માહોલ રચાયો છે.

## જામજોધપુર નગરપાલિકામાં ભાજપનો ભવ્ય વિજય

જામજોધપુર નગરપાલિકામાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. ૭ વોર્ડની ૨૮ બેઠક પૈકી ૨૭ બેઠક પર ભાજપની જીત થઈ છે.

૧ બેઠક પર આમ આદમી પાર્ટીની જીત થઈ છે. કોંગ્રેસના તમામ ઉમેદવારોની હાર થઈ છે

## ધોરાજીમાં ભાજપનો ભગવો

ધોરાજી નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો છે. ૯ વોર્ડની ૩૬ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. ૩૬ માંથી ૨૪ બેઠક પર ભાજપનો વિજય થયો છે. બાર બેઠકો પર કોંગ્રેસનો વિજય થયો છે. ગત ટર્મ માં ધોરાજી નગરપાલિકામાં કોંગ્રેસનું શાસન હતું. ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાના ગઢમાં ગાબડું પડ્યુ છે. ભાજપે ૨૪ બેઠકો પર જીત મેળવી અને નગરપાલિકામાં સ્પષ્ટ બહુમતી મેળવી છે.